25. भर्तृहीना. A widow or a woman separated from or divorced by her husband. न शुचिः = not auspicious; i. e. remaining away from taking part in all auspicious occasions. This refers to a superstitious idea among the Parsis which is expresssd in Gujarathi as રાંડી-કે છાંડીના અપશકુન.

( 9 )

26. मौनाढ्या, keeping herself very quiet.

27. स्नानसूर्यार्चनेषु. Better स्नानसूर्यार्चनाभ्याम् and to be construed with रहिता. That is neither bathing nor worshipping the sun (i. e. not reciting the Khorshed Nyayêsh).

28. यज्दान, the Yazatas, commonly spoken of as angels presiding over these creations.

29. वर्ण, religious. observances.

( 10 )

30. पंचकालं, the five Gâhs or the five prayer-times of the whole day of twenty-four hours.

( 11 )

31. It is a Parsi belief that by performing the Padyâb ceremony, in which after washing the face, hands and feet they untie and tie the woolen (Kusti) along with the recitation of certain sacred texts, both men as well as women obtain an amount of religious merit which (figuratively speaking) surpasses that (Hindoo religious merit) which the Hindoo believes to get by a sacred plunge into the Ganges.

( 15 )

32. व्योमदा या. This is my correction.

# Old Gujerati Version of
# षोडश श्लोकाः

According to $EMU_{21}$.

(१)

**सूर्यनु धेआंन धरवू ज [जे] पूरश निशचे** અગનીને વાઇઉને જમીનને આકાશને પાણીને પાણીના શાહેબ શાથે હેવાં પાંચ તતવને માનિએચ ઈઆને આફ્તાબ આસમાન જમીન તલારે ગરદેશ ફરેચ નીઆએશનૂ ભણવૂ તે દન ૧ માં વાર ૩ સૂરજનું ધેઆન ધરૂચ ઈઆને નમાજ કરૂચ શ્રીહોરમજદ તમામ ફેરશતાઓનો શાહેબ તે કેહેવો છે ઘહણાં હુનરે કરીને મોહોટો છે તેહેની મીશાલનો બીજો કોઈ નહી અને શરવે ઉપર ઘહણી મેહરબાનીનો કરનાર હેવા ધરમે કરી અમે ગોરા અને ધીરા શારા પરાકરમી ઘણાં જોરાવર તેહેવા હમો પારસી છેઇએ, પારશ જેવારથી [ જે પારથી ? ] આવેઆ તેણે કરી પારસી કેહવાએઆ.

(२)

શનાન કરતાં અને રૂડૂ ભણતાં અગ્નીનૂ હવન કરતાં ઊછાલ નાશતો કરતાં ભાંણે બેશીને જમતાં જાહડે પીશાબ કરતાં શાહસ્તરને અરથે શાત વાતે (?) મોહડ [ મોહોડે ] બોલવૂ નહી મોહોટા લોકો હમેશાં હેવું રાખછે [ રાખે છે ] હમેશેહે શરવે વસ્તૂનૂ દાંન કરેછે. નાના પ્રકારનાં ધૂપ કરીએ છેઇએ અને આફરગાંન કરીએ છેઇએ રૂડાં ફૂલે કરી અને ઘહણાં શારાં ઊચા ફલે કરી ઈઆને ઘહણો શારૂ ઊચો મેવો તેણે કરીને મોહટા અકલમંદ બૂજોરગ આતશની પૂજા કરેછે તેણે કરી ગોરા [ અને ધીરા... ]

(३)

શારાં વસ્તર પવીતર કાંચરીને આકારનો શીવેલો શદરો તે હમેશે હમારા તંનમાં પેહેરેલો રેહેચ ઊનની કુશતી કમરે નાભે શમાંન નરમ બાંધીએચ માથા ઊપર ગોપત વશતર બેવડુ પાગડીની હેઠ રાખીએચ તેણે કરીને અમો ગોરા.........

(४)

જેહેવારે વીવાહને દન શારા રૂડા દને ઓછવ ગીત રંગરાગ કરવો ખુશબોદાર ચંદન ઓરતો પોતાની જાતે રાખે હેવો હમારૂ આચાર જે પાક ને (અને) ઘણું ઘુણોવીધી છે અમારાં સુંદર શાશતરને અરથે છે તે માફક કહીએ છેઇએ, તેણે કરી અમો ગોરા......

(५)

અમારા જે પુરૂશનાં ઘર શારાં સુંદર રાખે ઘરમાં જનશાજનસી તરેહનાં અનાજ રાખે તેહેનૂં દાન બખશેશ હમેશે કરે કૂવા તથા વાવનાં પાણી લાવીને વાપરવાં અને દાંન કરવૂ વસ્તરનૂ દરવ પૈશાનૂ દાંન કરવૂ જે કોઈ હોનરમંદ દાંના તેહેને હમેશે આપે અને જે કોઈ માંગે તેહેને આપે, તેણે કરી અમો ગોરા......

(६)

જે પુરસને દરવેની પરાપતીએ કરી હરખ ખુશાલ થાએ એજર આદમીને ગમી પેદા થાએ તે મીશાલ શાદી ગમી એ બેહૂ જોડાં કીધાં જેમ હોરમજદ તમાંમ ખૂપીનો ધણી છે ને આહરેમન બદીની વસ્તનો પેદા કરનાર જાણવો સૂખ ને અસૂખ ગનેઆંન અને નહીગનેઆંન ધરમ અને અધરમ નેકબૂનીઆદ અને ખદબૂનીઆદ રોગ અને નહી રોગ ઊચૂ અને નીચૂ ઉચૂ તે બેહેશત અને નીચૂ તે દોજખ રૂશની અને અંધાર રૂશન તે બેહેશત અને અંધારૂ તે દોજખ

જેહાનમાં પેદા થાવૂ અને મરવૂ હેવો હમારૂ બેએમતી મારગ છે જેહેવો પુરશ તેહેવી વીધી શરવેનાં જોડાં ધરમમાંહા કહાં છે [ કહ્યાં છે ] તે હમો પારશી લોકો છેઇએ.

(૭)

ગાએનૂ મૂતર તેહને મતરે [ મંતરે ] કરી પવીતર કરવૂ ઈઆને નેરંગદીન કરે તે નેરંગેદીનને વાર ૩ પીએ તેહવારે શુધ પાક થાએ તેહમાં શનાન ૨ બેએ કહીઆં છે જેહવારે નેરંગેદીન પીએ તેહવાર તેને અંદરથી પાક થાએ અને જાત ઊપર ચોપડે તેવારે દીલ પાક થાએ એ રવેશનાં ૨ મારગ કેહેછે સનાંન કરે તેહેવારે કુશતી છોડી સુદરા શરો [ શદરો ] બાહર કાહડે ગોશલથી ફારેગ થાએઆ પછી સુદરા શદરો પેહેરી એપછે કુસ્તી બાંધીએ સુદરા સદરો કુસ્તી વનાં નીદરા નહી થાએ સુદરા શદરો કુસ્તીવનાં પુજા નહી થાએ જે કાંઈ જપ શંધેઆ કરવૂ તે સુદરા વનાં નહી થાએ હમેશે હેવા મારગને બેશક કરી જાણીએ તેહેવા હમો પારશી છેઇએ.

(૮)

વેશા અશતરી સાથે શંગ નહી કરવો, પોતાની પરણેલી તે પાક, પોતાના માએ બાપની પુજા પરશતે [ પરશતેશ ] કરવી, હમાં [ હેમાં ] હેવી ખશલત છે, તથા શારાધ [ श्राद्ध ] જે મુઆનાં દાહડા આવેચ તેહેવારે અગનીની શેવા કરીએ તે જગન કીધા પછી જગન કીધા વનાં માશનો ભખશ નહી કરવો અને વરી બીજી કાંઈ વશતુ ગરે હેવી લેવી નહીં જગન કીધા વનાં, તથા રતુવંતી અશતરી જાહાં શુધી પતર [ પવિતર ] નહી થાએ·તાંહાં લગી જમીન શેવે ઈઆને જમીન ઊપર શૂએ, અને વેવાહ લગન કીધા વનાં તે અશતરી પાશે જાવૂ નહી. તાંહાં લગી અમુને અપવીતર જેહેવારે લગન થાએ તેહેવારે પવીતર, તેહેવી અશતરીને પુરંધરી કેહે છે હેવો હમારૂ આચાર હમેશે કરવુ તે કેહેછે, હેવા હમો પારશી છેઇએ.

(૯)

શોવાવડી અશતરી દીન ૪૦ લગી વેગલી રેહે રાંધશાલમાં [ રાંધનશાલામાં ] પકાવામાં કેથી જાએ નહી ચેઅલીશ [ ચેઆલીશ ] દીન પુરા થાએઆપછી શરવે કાંમ કરે એટલા દીન લગી મૂન ધરે થોડૂ બોલે નીદરા થોડી કરે સૂરજને શાએ નહી આવે ફરશતાઓની પુજા નહી થાએ વાઇઊને અગનીને ભૂમીને જલને ચંદરને સૂરજને હોરમજદને ઈજદને તેહેને અમો માનીએઅ, એહેવો અમારો વરણ કેહેઓ છે તેહેવા અમો પારશી લોકો છેઇએ.

(૧૦)

લાકડાં માશ ૬ નાં સુકાં મરીઆગલાં [ ? ] જેહેવાં અગર લોબાંન કપુરની ખુશબો શાથે બાલીએચ પાંચ વખત તે અગનીનો હોમ કરીએચ ભણતર ભણતાં મંતરને જોગતે તે લોબાંનાદી ખુશબો અગની માંહાં હોમીએચ અગનીને એરવેશે ગૃંબજમાં રાખીએચ જે સૂરજનો શાએઓ નહી પડે અને જાહાં લગી આતશ સૂરજ કાએમ છે આકેબત દુનીઆં ફના થાએ પણ અમારૂ ધરમ જાવાનો નહી એહેવો હમારો શાચો નેઆ શાશતર છે અમારી ઓરતોને ભી શાશતરનૂ ગનેઆંન રાખેછે એહેવા અમો પારશી લોકો છેઇએ,

(૧૧)

ઊનનાં સૂતરની વણેલી કુસ્તી રાખીએચ, તેહેનુ ઘહણુ ફલ છે ગંગાના શરખૂ શનાંન બરાબ [ બરાબર ] છે હમેશાં આદમીઓને, કુસ્તીને ઘહણે તારે કરી બનાવી છે, અમારા ગુરૂનાં વચને કરી મેહખલ કટી કરીએચ, અનિ [ અને ] નવજોત કરીએચ, અમારા શાશતરના કહ [ કહા ] માફક શદરો પેરીએચ અને કુસ્તી કમરને નાંભે બાંધીએ છેઇએ, તે અમો પારશી લોકો છેઇએ.

(૧૨)

પાણીને આકાશને ચંદરમાને અગનીને વાઇઊને ભૂમીને સૂરજને હેવાને માનીએચ શ્રીહોરમજદ પેદાનો કરનાર ચલે નહી એવા અમરગ છે તેવા ઇશિવરને માનીએચ હમેશે નીઆએશ કરીએચ ધરમને આપેચ જે મકસુદ હોએ તે તે પાસે માંગીએચ માંગી મોરાદ પોંહચાડે જેહેવારે ભોજન કરવા બેશીએચ તેહવારે મૌન ધરીએચ શામાટે [ શા માટે ] પોતાનું શરીર પવીતર કરવાને વાસ્તે તેવા અમો પારશી લોકો છેઇએ.

(૧૩)

જે અમારી અસ્તરીને રતુ પરવેશ થાએ તેહેવારે દીન ૭ શાત લગે વેગલી બેશે તેવા [ તેવાર ] પછે પવીતર થાએ અને જેહેવારે બચુ જણે તેવારે માશ એકે ૧ તથા ૨ શરીર પવીતર થાએ, એહેવો સુંદર નેક મારગ આચારે કરી ગોરા સુંના શરીખી અમારી દેહે વીરજવંત અને બલીશટ અમારો આતમા પાક અને હમેશે મોહો હશતુ અને મોહોટાં મોહોડાં તે હમો પારશી લોકો છેઇએ.

(૧૪)

જે પારશીને પરાએશચીત પાપ થાએ તેને પંચ ગવેઅનું શનાન કરે તે મધે ગાએનાં મૂતરનૂ શનાન પરથમ કરાવે તેણે કરી તેહેની દેહે શુધ થાએ, હમેશે હમારા ગરૂનો રૂડો વચનનાં કહાથી ચાલવું, શા માટે જે પાપ ફેડવાને અરથે, હવો [ હેવો ] આચાર હમેશે કહેઓચ તે માફક ચાલીએચ તેહવા અમો પારશી લોકો છેઇએ.

(૧૫)

અમારા પેહેલાનાં જે આચારીઓ તેણાએ જે શાશતર બાંધેઆ ને તે મધે જે વાત રચના લખીચ તે માફક ચાલીએ તો શવરગ ઇઆને બેહેશતનો મારગ પામીએ તે શાશતર મધે શરવે બેહેશત જાવાનો મારગ જાહેર કરી કહેઓચ તે શાશમાં [ શાશતરમાં ] ઘણી રૂડી મનોહર શારી વાત કહી છે, કેહેવી જે આકાશ મારગે પોહુચીએ તે શાશતમાં [ શાશતરમાં ] તરણ પરકારની વાણી દુર કરવી, બાલવી, દુશમતે, દુજૂ હૂખતે, દુજૂ હૂરશતે, એહેવા અમો પારશી લોકો છેઇએ.

(૧૬)

શરવે પાશીઓની [ પારશીઓની ] ઊપર રાજા દુઆ કરેચ, અરે શરવે પારશીઓ, હોરમજદ આદ મુખ છે, તે તમોને ફરજંદાન ફરજંદની વરેધી કરે, તે હોરમજદ તમોને ફતેહે આપે, અને જેએ કરે, વલી આતશ અમર તમોને જે કરો, તમારાં પાપ છે તે નાશ થાઓ, હમેશે પવીતર રેહેઓ, વાલી શ્રીસૂરજ તમોને હમેશે પરશન ખુશવકત રેહો, નીઆએશનો જપ સુરજનો હમેશે કરો, તે સૂરજ તમુને જે માંગો તેનું ફલ આપો, હવે તમોને જેહે જગો જોઇએ માહરા શેહેરમાં તેહેવી જગો જાસો લેસો, તમોને આબરૂ ઇજત માન ઘણુ હોજો, અરે પારશીઓ, તમોને કોઈ અગનેઆંની લોક તમારી નજર શામુ જોએ તેહેને મારૂ અને તે ઉપર ફતેહ પામો, અને તમોને લખમી ઘણી થાઓ.

Colophon of $EMU_{21}$.

इदं आको अध्यारस्य षोडशऽसलोकं समाप्तं, लीखीतं दसतूर माणकजि दस्तूरां दस्तूर साहेब नुशेर्वानजी सोहोराबजी तस्यार्थं समाप्तं संपूर्ण लिखित्वात् ॥ स्वंत् १८८० ना शाके १७४५ व्यतिते काले रोज ८ माह ६ समाप्तं ॥

# Translation of the sixteen Shlokas given in કદીમ તારીખ પારશીઓની કસર by the late દશતુર અશાપંદીઆરજી કામદીનજી of Broach, published at Surat in A. D. 1826 (pp. 129-146).

### ૧ પહેલા અશલોકનો અરથ *

શુરજનુ ધેઆંન ધરનારા * તથા અગનીની પુજાના કરનારા * તથા ભોમી તથા આકાશ * તથા પાંણીને માંનનારા * અને નીઆએશનુ મંનતર જે છે તે દાડામાં તરંણ વખત ભંણનારા * અને પાંચે ફરેશતાથી આશમાન તથા જમીન તથા પાતાલ છે * અને શરી હોરમજદ જે શરવે ફરેશતાવોનો શરદાર છે * તે ઘણો ગુણે ભરેલો * અને જગતનો પાલનાર તેહેનુ ધઆંન ધરનારા * અમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

### ૨ બીજા અશલોકનો અરથ *

નાહાતી વેલા * તથા પરમેશવરની ભગતી કરતા ધઆંન રાખીને ભણવું કરે છે * તથા આતશની નીઆએશ કરતાં * તથા જંમતાં તથા પીશાબ કરતાં * શાશતરની રૂએ ગરૂના હુકમ પરમાંણે * એ શાતે જગો ઉપર લાજ ધરે * અને શુખડ લોબાંણ તથા અગરની ખુશબોએ કરીને * તથા ઘણાં પુને કરીને તથા શારાં ફુલે કરીને ગાએની પુજા કરે છે * તે અમો ગોરા તથા ધીરા તથા શુરા * તથા બલવંત પારશી છઇએ *

### ૩ તરીજા અશલોકનો અરથ *

જે પોતાને અંગે બખતર * ઇઆને શદરો પેહેરે * અને કંમરે શારી ઊનની * પવીતર કુશતી * શાંપનાં મોડાં જેવી બાંધે છે * અને માથું બેવડી ટોપીથી ઢાંપે છે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

### ૪ ચોથા અશલોકનો અરથ *

જેના ઘરમાં લગંણને શારે દાડે ગીત ગાવાં * તથા તાશાં નગારાં વાગે છે * અને જેનુ કામ શરવ પવીતર છે * અને જેની અશતરીઓ * અંગે શુખર તથા દરએક તરેહની ખુશબો લગાડે છે * અને જેનાં શાશતરની રીતનાં ગુણ ઘણાં છે * તે અમો ગોરા તથા ધીરા * તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

### ૫ પાંચમા અશલોકનો અરથ *

જેના ઘરથી અંનની શખાવત થાએ છે * અને તલાવ તથા કુઆ તથા વાવ બંધાવે છે * અને વશતર તથા દરવ બહુ ગુણવાલા બરાંમંણને આપે છે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા * તથા બલવંત પારશી છઇએ *

### ૬ છઠા અશલોકનો અરથ *

જેહેવો હરખ ને કલેશ * જેહેવું દુખ ને શુખ * જેહેવું ગનેઆન ને અગનેઆંન * જેહેવો ધરંમ અને અધરંમ * જેહેવો આરોગ ને રોગ * જેહેવું આકાશ ને પરથવી * જેહેવું અજવાલું ને અંધારું * જેહેવી શરશતી ને મરકી * તેહેવાં અંમો પુરશ ને નારી * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા * તથા બલવંત પારશી છઇએ *

## ૭ શાતમાં અશલોકનો અરથ *

જેના મારગમાંહાં ગો મુતરે કરીને મંતર ભણીને નાહાવું કહું છે * અને કેડે કુશતી રાખવી * અને કુશતીવના ઊંઘવું નહીં અને જપ ન કરવો * અને કુશતીવના શાહેબની શેવા ન કરવી * અને જેહેના મારગમાંહાં મરે તેહેની ફરી પેદાઓશ નહિ * એ તતવ છે તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

## ૮ આઠમા અશલોકનો અરથ *

૭ મહીનાનાં શુકાં અગરનાં * તથા મરીઆગના તથા શુખરનાં લાકડાંનો * તથા કપુરનો ધુપ પાંચ વેરા કરે * અને પાંચ વેરા મંતરના અખશર ભણીને હોમે * અને અગની શુરજને ન દેખે * અને વરશાદના દાડામાં અગનીને જાલવે * અને જે શાચા નેઆવના ચાલનારા * અને પારશી અશતરીને તજનારા * તે અમો ગોરા તથા ધીરા * તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

## ૯ નવમા અશલોકનો અરથ *

જેહેની અશતરીઓ રતુકાલને વીશે * ઇઆને દશતાંન બેઠેલી ઓરતો ૭ શાત દીવસે પવિતર થાએ * અને જે રૂરા આચારે શારી જુગતે * પવીતર રેહે અને ગોરા તથા શારા દેખઇતા * અને મોહોટા પરાકરમી હોશીઆર અને ઘણા પવીતર * અને હમેશાં ખુશ રેહેનારા * અમો પારશી છઇએ *

## ૧૦ દશમા અશલોકનો અરથ *

જે વેશેઆનો સંગ ન કરે * અને જે પરમાંણે બુજરગો થાઈ ગઆ તે પરંમાણે પવીતર રેહે * અને શરાધ કાલે ઇઆને ડોશલાંના દાડા અગનીનુ ધઆંન ધરે * અને જગંનવના માશ જેને કાંમ નહીં આવે * ઇઆને ગંહંબાર તથા જશંન તથા ફરવરદીઆંન શેવાએ * ગોશત કામમાં નહીં આવે * અને દશતાંન બેઠેલી અશતરી ભોમી ઊપર વગર બીછાંને શુવે નહીં * અને વેવામાંહાં લગંણનો શારો દીવશ જુવે * અને વેવામાહાં અપવીતર કાંમ નહીં આવે * એહેવો જેનો આચાર છે * તે અમો બલવંત પારશી છઇએ *

## ૧૧ અગીઆરમા અશલોકનો અરથ *

જેની અશતરી જણેઆ પછે ૪૦ ચાલીશ દીવશ શુધી રશોઇના કાંમમાંહાં નહીં આવે * અને કોઈ શાંભલે તે પરમાણે બોલે નહી * અને ઘણીવાર ઉંઘે નહીં * અને દીન ૪૦ ચાલીશ પછે નાહીને શુરજની પુજા કરે * અને નીતે પવંન તથા અગની તથા ભોમી તથા પાણી તથા ચંદર તથા શુરજ તથા જશંન તથા ગંહંબાર * એ શરવેને માને છે * અને જેની વરંન પરમેશવરના હુકંમથી આખરશુધી જારી રેહે * તે અમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

## ૧૨ બારમા અશલોકનો અરથ *

જે નીતે પાણી તથા આકાશ તથા ચંદર તથા અગની તથા પવંન તથા ભોમી તથ શુરજ તથા હોરમજદ જે મોહોટો * અને દાતાર અને કાએમ વગર મોતનો * તેહેનુ મંનથી ધઆંન કરે છે * અને જે ફતેહનો આપનારો અને ધરમનો વધારનાર * તેહેની નીઆએશનું ભણવું કરનાર * અને જંમતી વેલા તથા નાહાતી વખત બાજ ધરે છે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

## ૧૩ તેરમા અશલોકનો અરથ *

જે પોતાની કંમરે ઊનની શારી બેશ * અને શારાં ફલને આપે તેહેવી * અને ઘણા પવીતર કરે * અને ઘેટાનાં નીમાલા ઘણા તાર વતે કરીને મોહોટી કુશતી * ગુરૂનાં વચંનથી તથા શાશતરની રીતે કંમરે બાંધે છે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઊ *

## ૧૪ ચઊદમા અશલોકનો અરથ *

જે જાતે પવીતર છે * અને કોઈ વખત પશુ વગેરે મારેઆ માંહાં આવે તારે ગઊ મુતરે કરીને * અશનાન કરતાં * ઘણે દીવશે પવીતર થાએ છે. * એહેવો જેહેનો આચાર છે * અને હમેશે ખુશ રેહેછે * તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

## ૧૫ પંદરમા અશલોકનો અરથ *

જે પેહેલાંના વડાવા લોકોએ શારા બેશ કરેલા મુખશના મારગ ઈઆને ફરીથી પેદા નહીં થાએ એહેવા મારગ છે તે રીતે કરીને ચાલે તો ફરી પેદા નહીં થાએ અને બુજરગોની રીતે આતશ તથા જમીન તથા શુરજનું ધઆંન ધરતાં અગની ઊપર ખુશબોઓ કરી તથા ફુલે કરીને પોતાની ખુશીથી શાશતર પરમાંણે પુજા કરે છે તે અંમો ગોરા તથા ધીરા તથા શુરા તથા બલવંત પારશી છઇએ *

## ૧૬ શોલમા અશલોકનો અરથ *

શી હોરમજદ ફરેશતાવોનો શાહેબ કેહેવો છે કે શરવે કાંમ કરે * તેહેનું નાંમ લીધાથી શરવે મુરાદ બર આવે * અને શી આતશ ફરજંદાન ફરજંદને વધારે * અને ઘણું ધન આપે * અને જેને કોઈ દીવશ પાપ નહીં લાગે * અને નશો પલીદી બાલેઆથી આતશ * અપવીતર થતો નથી * અને જે હમેશેહ લખશમી તથા જશ તથા શુખ તથા ખુશી તથા ફતેહ * શરવે વશતુને આપે તે અમો પારશી છઉં *

# Translation of the sixteen Shlokas by શાસ્ત્રી કૃષ્ણશંકર of Bhavnagar, from old papers discovered in the house of પ્રાણશંકર વીઠલજી ભટ્ટ the Shastri of કુંડલા પાઠશાલા and sent to Ervad J. J. Mody by B. A. Entee, 18=9=1909.

## પહેલા શ્લોકનો અર્થ.

હે રાજન્! ત્રણે લોકનું ઉત્પત્તિ સ્થાનક એવા સૂર્યદેવનું, તથા અગ્નિ, પવન, ભૂમી, આકાશ, અને જલ એ પંચતત્વોનું જેઓ પ્રાતઃકાળમાં, મધ્યાન્હકાળમાં અને સાયંકાળમાં ન્યાયયુકત મંત્રોથી ધ્યાન કરે છે, તેમજ અનેક ગુણોએ કરીને મોટા તેથી કરી સર્વ દેવોના ઇશ પરમ કૃપાળુ અને પ્રસિદ્ધ એવા "શ્રીહોર્મજદ" નામના દેવનું મુખ્યત્વે કરીને જેઓ ધ્યાન કરે છે, તેવા ગૌરવર્ણવાળા, ધૈર્યગુણવાળા અનેક પ્રકારના બલના નિવાસસ્થાનરૂપ અને તેથી કરીનેજ વીર પુરૂષના ગુણોથી ભરપૂર અમો પારસીઓ છીએ.

## બીજા શ્લોકનો અર્થ.

જેઓ સ્નાન કરતી વખતે, ધ્યાન કરતી વખતે, સ્તોત્રનો પાઠ કરતી વખતે, શાસ્ત્રમા કહેલું હોવાથી તથા ગુરૂઓનો ઊપદેશ હોવાથી મૌનવ્રત (નહિં બોલવું) ધારણ કરે છે. અને અનેક ઊત્તમ પ્રકારના ધુપ, પુષ્પ, અને ફલોથી ગાયની પૂજા કરે છે તેવા ૦ ઈત્યાદી ૦

## ત્રીજા શ્લોકનો અર્થ.

જેઓ પોતાના શરીર ઊપર બકતરના ગુણવાળું ઉત્તમ વસ્ત્રથી બનાવેલું, મનોહર પેહરણ વિગેરે કંચુકને પહેરી રાખે છે. અને પોતાની કેડ ઊપર ઉનના જાડા દોરાઓથી બનાવેલી અને સર્પની ફેનના આકારવાળી બંધની ધારણ કરે છે અને ચિત્ર વિચિત્ર વસ્ત્રોથી બનાવેલી ટોપીઓથી પોતાના માથાને કાયમ ઢાંકી રાખે છે. તેવા ૦ ઈત્યાદી ૦

## ચોથા શ્લોકનો અર્થ.

આ પૃથ્વીતલ ઉપર જેઓની સ્ત્રીઓ વિવાહ સમયમાં અથવા બીજા શુભ દીવસોમાં મંગલને અર્થે ગીત અને વાદય વિગેરેના ઉત્સવો કરે છે, અને પોતાના શરીરમાં સુખડ વિગેરે સુગંધી પદાર્થોને ધારણ કરે છે. વળી જે સ્ત્રીઓ આચારથી ઘણી પવિત્ર તેમજ અનેક ગુણોના ભંડારરૂપ છે અને શાસ્ત્રોના અર્થો જાણવાવાલીઓ છે. તેવા ૦ ઈત્યાદી ૦

## પાંચ શ્લોકનો અર્થ.

હે રાજન્! જેઓના ઘરમાં અન્ન દાનને લાયક પાત્રોને, અનેક પ્રકારના મધુર રસોથી ભરપૂર અને દેખવામાં સુંદર એવા અનાજનું દાન હમેશાં અપાયા કરે છે. વલી જેઓ આ પૃથ્વીતલમાં તલાવ, કૂપ, વાવો, વિગેરે જલાશયો પરોપકારાર્થે કરાવે છે, તેમજ ઉત્તમ પ્રકારના ગુણવાન બ્રાહ્મણોને ઉત્તમ વસ્ત્રો સાથે ઘણું દ્રવ્ય જેઓ કાયમ આપ્યા કરે છે. તેવા ૦ ઈત્યાદી ૦

## છઠ્ઠા શ્લોકનો અર્થ.

જેવી રીતે બીજાઓને ધર્મ માર્ગમાં હર્ષ અને ખેદ સુખ અને દુઃખ જ્ઞાન અને અજ્ઞાન, ધર્મ અને અધર્મ, પાપને પુન્યથી થએલા આમય (રોગ), અને આરોગ્ય (રોગ રહિતપણું)

ઊપર અને નીચે તેજ અને અંધારૂં સૃષ્ટિકાલ અને સંહારકાલ વિગેરે દ્વંદ્વ ( જોડલાં ) કહેલા છે તેવા ૦ ઈત્યાદી ૦

## સાતમા શ્લોકનો અર્થ.

જેઓના ધર્મમાં અત્યંત પવિત્ર પાત્રમાં રાખેલું, અને અનેક મંત્રોથી પવિત્ર થયેલું ગૌમુત્ર પોતાના પ્રાણની શુદ્ધિ માટે પીવામા આવે છે. અને તેવીજ રીતના ગૌમુત્ર પાનનેજ બહારનું અને અંદરનું સ્નાન કહેલું છે; અને જેઓને કટી ભાગમાં ફરતી કસ્તી ધારણ કરવામાં આવે છે, જે કટી મેખલાનો ત્યાગ કરીને નિદ્રા કે મંત્ર જપ કે દેવપૂજન વિગેરે કોઈ પણ જાતની ધર્મક્રિયા થઈ શકતી નથી તેમજ જેના ધર્મમાં કાયમ અભય સુખ આપનાર મોક્ષ તત્વ રહેલું છે તેવા ૦ ઈત્યાદી ૦

## આઠમા શ્લોકનો અર્થ.

હે રાજન્! જેમના શાસ્ત્રમાં છ માસ સુધી સુકાએલા અગર તથા ચંદનના કાષ્ટથી તથા ઊત્તમ જાતના કર્પૂર તથા સુગંધવાળા ધુપના પદાર્થોથી યોગ્ય એવા મંત્રાત્મક અક્ષરોએ કરીને હમેશાં પાંચ વખત, અગ્નિદેવને પ્રસન્ન કરવા માટે હોમ કરવા કહેલો છે તથા યુગના અંતમાં પણ જઈ ન શકે તેવી રીતે રાખના મોટા ઢગલામાં અગ્નિ દેવનુ રક્ષણ કરવા જેઓ યત્ન કરે છે. વળી પોતાની યુવતી સ્ત્રીઓમાં જેઓ બહુ આસ્કત રહેતા નથી, અને કાયમ ન્યાય પ્રમાણે વર્તવાવાળા અમો પારસીઓ છીએ.

## નવમા શ્લોકનો અર્થ.

હે નરવર જાદવરાણા ! જે અમારા પારસીઓના ધર્મમાં સ્ત્રીઓને ઋતુ સમયના દીવસોમાં સાત રાત્રી વિત્યા બાદ સ્ત્રીની શુદ્ધિ ગણવામાં આવે છે. અને પ્રસવ સમયમાં એક મહીનો વિત્યા પછી દેહની શુદ્ધિ ગણાય છે. હે રાજન્! એવો સુંદર અને પવિત્ર આચાર પાળવાથી અમારી સ્ત્રીઓ, ધમેલા સુવર્ણની સરખી કાન્તિવાળી, પરાક્રમી, બલવાળી, અને ધૈર્ય ગુણને ધારણ કરનારી, તથા શુરવીરતાથી ભરપુર હોય છે.

## દશમા શ્લોકનો અર્થ.

હે ભૂપાલ મૌલે ! અમારા પારસી બંધુઓને વેશ્યાઓ સાથે સંગ હોતો નથી. અને જેષ્ઠ ભાઈ વિગેરે વડીલોને અમો પિતાતુલ્ય ગણીએ છીએ તેમજ અમારા શાસ્ત્રને અનુસારે શ્રાદ્ધની સમાપ્તિમાં તેનો અંગભૂત હોમ કરવામાં આવે છે. તથા યજ્ઞ સિવાય માંસ ભક્ષણની આજ્ઞા અમારા શાસ્ત્રમાં નથી તથા સ્ત્રી રજસ્વલા હોય ત્યારે પૃથ્વીપર સૂતી નથી. હે નરદેવ ! પારસીઓમાં વિવાહ કરતી વખત લગ્ન શુદ્ધિ એવી ચોકશીથી જોવાય છે કે જેથી કરી પરણેલી સ્ત્રી મોટી ભાગ્યશાળી અને પુત્ર પોત્રાદિના સુખવાલી થાય છે અને તેને વિધવાપણાંનું દુઃખ ભોગવવાનો વખત આવતો નથી. હે રાજન્! એવી રીતે જેનો શુદ્ધ આચાર હમેશાં આબાદીમાં આવેલો છે તે અમો પારસીઓ છીએ.

## અગીયારમા શ્લોકનો અર્થ.

હે ભૂપાલ ! અમારી પારસી કોમમાં જ્યારે સ્ત્રી બાલકને જન્મ આપે છે ત્યારે તે સ્ત્રી ચાલીશ દિવસ સુધી પાકક્રિયા કરવામાં કામ લાગતી નથી અને નીદ્રા ઓછી કરે છે તથા સ્નાન કરતી વખતે અને સૂર્યદેવનું પૂજન કરતી વખતે મૌન વ્રત ધારણ કરીને પવન, અગ્નિ, પૃથ્વી, જલ, ચંદ્ર અને સૂર્યને યજ્ઞરૂપે ધ્યાન કરીને મંત્રના જપમાં તત્પર થાય છે એવી રીતે જેઓને ધર્મ અત્યુત્તમ અને મોક્ષ સુખને આપનાર છે તે અમો પારસી છીએ.

### બારમા શ્લોકનો અર્થ.

હે રાજેંદ્ર! જેઓ અવિચલ એવા "શ્રી હોરમજદ" નામના દેવને જળ, આકાશ, ચંદ્ર, અગ્નિ, પવન, પૃથ્વી, અને સૂર્યરૂપે પોતાના મનમાં ચિન્તવન કરે છે તથા ધર્મને આપનાર અને નિરંતર અભય (મોક્ષ) ને આપવાવાળા દેવના નામનો પાઠ નિરંતર કરે છે. અને જેઓ પોતાના શરીરની શુદ્ધિ કરે તેવો આહાર કરતી વખતે મૌન ધારણ કરે છે તે અમે પારસી છીએ.

### તેરમા શ્લોકનો અર્થ.

હે રાજન્! જે પારસીઓ ગુરૂજનોનો ઉપદેશ હોવાથી શાસ્ત્રોમાં કહેલી ઘેટાની [પુરૂષ જાતિ] ઊનના જાડા દોરાથી બનાવેલી સુંદર અને સર્પના આકારવાળી, વિશાળ સુવર્ણના સમાન વર્ણવાળી, તથા ગંગાજીના સ્થળમાં સ્નાન કરવાથી જે પુન્ય થાય તેવા પુન્યને આપનારી, અને તેથી કરીને ઉત્તમોત્તમ ફળ આપવાવાળી મેખલા કેડની પાછતનો નીચેનો ભાગ અને કેડની આગલનો નીચેનો ભાગ જેને પેડુ કહેછે ઊપર લટકતી રીતે ધારણ કરેછે તે અમો પારસી છીએ.

### ચઊદમા શ્લોકનો અર્થ.

પારસીઓ જાતિથીજ કાયમ શુદ્ધ હોય છે માટે તેઓમાથી કોઈપિણ વિચાર્યા વીના એટલે કે યજ્ઞ ક્રિયા સિવાય પશુને મારે તો તેના પાપ ધોવા માટે ગુરૂ જનોના કહેવા પ્રમાણે ઘણા દિવસો સુધી ગૌમુત્રથી સ્નાન પૂર્વક પંચગવ્યોથી શુદ્ધિ કરવામાં આવેછે. એ પ્રમાણે જેઓનો આચાર હમેશા ઉદયમાં આવ્યો છે. તે પારસીઓ અમો છીએ.

### પન્નરમા શ્લોકનો અર્થ.

હે માનવેન્દ્ર! પૂર્વના આચાર્યોએ રચેલા અને રચના સારી હોવાથી સુંદર એવા મોક્ષ માર્ગને આપનાર તથા સંસ્કારોના જાણનાર પંડિત જનોએ રચેલી ક્રિયાઓ વડે જેઓનો ધર્મ મોક્ષ આપનાર કહેવાય છે. તથા જેઓના ધર્મની અંદર ભક્તિ રસથી લીપટાએલા મનની સાથે ઉત્તમ જાતિના અનેક પુષ્પાદિક ઉપહારોથી અગ્નિ, પૃથ્વી, અને સૂર્ય, એ ત્રણ દેવોની પૂજા કરવામાં આવેછે તે પારસીઓ અમો છીએ.

### સોળમા શ્લોકનો અર્થ.

હે ભૂપાલ મણે! સમગ્ર પ્રકારના વિજયને આપનાર અને અનેક પ્રકારનું ધન તથા સુખને કરનાર તેમજ પુત્ર તથા પૌત્રની વૃદ્ધિ આપનાર સર્વ પૂજ્ય દેવોમાં મુખ્ય એવા અમારા પ્રસિદ્ધ "હોર્મજદ" નામના દેવ તમારૂં રક્ષણ કરો તથા તમારા પાપનો નાશ કરો.

### આવો આશિર્વાદ સાંભલી રાજા અર્ધો શ્લોક કહેછે તેનો અર્થ.

હે પારસી લોકો નિરંતર વિજયશાળી, લક્ષ્મી વિજયના ઐશ્વર્યવાળા, અનેક પ્રકારના બલ વિશિષ્ટ, તમો અમારા દેશમાં આવો અને પુષ્કલ વૃદ્ધિ પામો.

# Extracts from Illustrations of the gramatical part of the Guzeratee, Mahratta and English languages by Dr. Robert Drummond, Bombay, folio 1808, republished in the મુંબઈ સમાચાર of 12=7=1905 and 18=7=1905.

## ૧૬ શ્લોક.

મુંબઈ સમાચાર તા૦ ૧૨ મી જુલાઈ ૧૯૦૫.

(1) Who are they that thrice a day adore the sun and elemental five (fire, æther, wind, earth, and water) which exist eternal in the three worlds, and who worship the Divine Hormuz ar King of Angels, full of justice, power and mercy? They are we the fair, the fearless, valiant and athletic Parsees.

(2) The Parsees observe silence in seven situations, viz, bathing, contemplating the Divinity, reading the Divine Scripture, making wholy offering, eating victuals, secreting the contents of the alimentary canal, item vesicae urinae. The affluent amongst them are liberal to their fellow creatures in need. In sacrifices to the cow, Parsees make scented woods to smoke, and offer flowers diffusing fragrance.

(3) The Parsees always wear a fine jacket of muslin, (Suddra) in the place of a coat of mail, and instead of the mouth of a serpent, a woolen tape (Coostee) tied round the loins, and a small cap of two folds of cloth covering the crown of the head.

(4) On occasions of marriage and feasts Parsees rejoice with song, and the sound of instruments. Their wives then anoint them with the paste of Sandal, and sweet scented oils; nor does

મુંબઈ સમાચાર તા૦ ૧૬ મી જુલાઈ ૧૯૦૫.

(૧) ત્રણે દુનીઆમાં હમેશાં બરકરારી ધ
વતા આફતાબ અને પાંચ તત્વો (અગ્ની હવા મન
ધરતી અને પદાર્થ) ની દીવસમાં ત્રણ વાર આર
ધના કરનાર અને ફરેશતાઓના શાહ ન્યાયી બ
વંત અને રહેમ દીલ પાક અહુરમઝદની સીતાય
કરનાર તે કોણ છે? તે અમો નેક, દલેર, બહાદુ
અને પહેલવાન પારસીઓ છઈએ.

(૨) નહાતી વેળા, અહુરમઝદમાં ચીત લગ
ડતી વેળા, પાક હદયો ચડાવતી વેળા, અને હાજ
તથા પેશાબ કરતી વેળા પારસીઓ ચુપકીદી એ
ત્યાર કરે છે. તવંગર પારસીઓ મુશકેલીને વખ
પોતાના ગરીબ હમદીનોને મદદ આપે છે. ગ
માતા આગળ પારસીઓ સુખડનો ધુંવો કરે છે અ
તેને સુગંધી પુષ્પોની માળા ચહડાવે છે.

(૩) પારસીઓ લોખંડના ડગલા (બખતર
ને બદલે નાજુક મલમલનો સુદરેહ પહેરે છે, અ
સાંપના વીંટને બદલે કમરે ઊનની કસતી લપેટે
અને માથે બે પડની ટોપી ઘાલે છે.

(૪) લગ્ન અને સાદી સાજવારીને પ્રસંગે પા
સીઓ ગીતો ગાઈ અને ઢોલ બજાડી પોતાની ખુશ
લી પ્રદરશીત કરે છે. તેમની સ્ત્રીઓ તે વેળા
તેમને ચંદનનો લેપ અને સુગંધી તેલો ચોપડે

mirth make them exceed, or forget the excellent ordinances of their law.

પણ પોતાની ખુશહાલીને તેઓ હદબાહેર લઈ જતા નથી અને કાયદાના તરીકાનો ભંગ કરતા નથી.

(5) They entertain guests with plenty of food, and that which is pleasing to the taste. They excavate for the public convenience pools and wells; they give to deserving objects gratis cloth and other articles, which they stand in need of.

(૫) તેઓ પરોણાઓને પેટ પુરતાં સ્વાદીષ્ટ પકવાનો જમાડે છે. પ્રજાના ભલાંને ખાતર તેઓ કુવા તળાવો ખોદાવે છે. અને મુફલેસ હાજતમંદોને કપડાં સપડાં અને બીજું જોઇતું કરતું પુરૂં પાડે છે.

(6) The Parsee women, as much as their men, are presumed capable, and permitted to contemplate the causes and effects of joy and grief, pleasure and pain, wisdom and folly, virtue and vice, health and disease, which mortals experience, and to admire altitude and profundity, light and darkness, creation and chaos, and all the works of the Almighty.

(૬) ગમી ને ખુશહાલી, સુખ અને દુખ, ડહાપણ અને મુર્ખાઈ, નીતી અને અનીતી, તંદુરસ્તી અને બીમારી વગેરે જે કાંઈ આપણ ખાકી ઇનશાનને સેહવવું પડે છે તેના કારણો અને પરીણામો વિષે ગોર કરવાને પારસી ઓરતોને તેમના મરદોના જેટલીજ લાયક સમજવામાં આવે છે. અને તેજ મીશાલ ઉંચાઈ ને નીચાઈ, રોશની ને અંધકાર, હસ્તી ને નીસ્તી, તે દાદારનાં બધાં કામો વખાણવાને પણ તેઓ મરદોના જેવોજ દરજ્જો ધરાવે છે.

(7) With Gômootra (vacae urina) affusion on the body, and by inward prayers, Parsees, having purified at early dawn, attend to their necessities and avocations; without the tape tied round their loins, they must not sleep, nor pray, nor make offerings nor sacrifice.

(૭) સવારમાં ઊઠતાંને વાર પારસીઓ તરો લે છે અને બામદાદની બંદગીથી પોતાનું તન પાક કરવા બાદ તેઓ પોતાને કામે અને ધંધે ધાપે લાગી જાય છે; કમરે કસતી બાંધવા વીના તેઓ ઊંઘી કે બંદગી કરી શકતા નથી. તેમજ બીજાં કશાં ક્રીયા કામો પણ કરી શકતા નથી.

(8) With fuel, six months dried of the wood of Mallaya (sandal) and with the flame of camphor, Parsees perform Homa five times a day. Where the sun shines or rain falls fires must not be lighted. They abjure hypocritical invocations to heaven, and affections fixing on another's wife.

(૮) મલાઈ મુલકનાં લાકડાં (સુખડ) ની છ માસની સુકી કાઠી અને કપુરનાં બળતાં વડે પારસીઓ દીવસમાં પાંચ વાર હોમની ક્રીયા કરે છે. સુરજનું તડકું પડતું હોય તેવી જગ્યાઓમાં તેઓ આતશ રોશન કરતા નથી. તેઓ ઢોંગી બંદગી કરી પોતાના પેદા કરનારને છેતરતા નથી, તેમજ પારકી સ્ત્રીઓ ઊપર બદ નજર કરતા નથી.

(9) The wives of Parsees are held pure in the seventh night from the commencement of the menstrual flux and on the fortieth day from child birth.

(૯) પારસી બાનુઓ માસીક માંદગી વેળાએ સાત દીવસ અને સુવાવડ વેળાએ ચાળીસ દીવસ દુર બેસે છે.

(10) The Parsees hold it immoral and impure, to cohabit with women not their own; they keep holy anniversaries of their ancestors. They do not use flesh, but in sacrifices; their females,

(૧૦) પોતાની કોમની નહીં એવી સ્ત્રીઓ સાથનો વ્યવહાર તેઓ અનીતીમાન ભરેલો ગણે છે, અને પોતાના વડવાઓના મરણના વાર્સીક દીવસો પવીત્ર બંદગી સહીત યાદ કરે છે. ભોગ ચડાવવા સીવાય તેઓ માંસનો ઊપયોગ કરતા નથી. તેમની

lately delivered or those flowering are not allowed to move about and defile terrestrial element, nor offend with their view the more sublime; at nuptials, contracted in happy hour, no widows are admitted to be present.

સુવાવડી અને દુર બેઠેલી સ્ત્રીઓને છુટથી ફેરહર કરી નાપાકી કરવા કે પવીત્ર ચીજો જોવા દેવામાં આવતી નથી. શુભ મહુરત જોઇને તેઓ લગ્ન ક્રીયા કરે છે, જે વેળા વીધવાઓને હાજર રહેવા દીધામાં આવતી નથી.

(11) Till a Parsee woman, who has brought forth a child, shall have passed forty days, she cannot cook victuals. She should keep silence, nor sleep much but bathe often, pray and think of the sun. She ought to admire the existing five elements also and the moon.

(૧૧) સુવાવડ પછી ચાળીસ દીવસની મુદત પુરી કરવા આગમચ તેમની સ્ત્રીઓ રાંધી શકતી નથી, સુવાવાડી હાલતમાં તેઓએ શાન્ત રહેવું જોઇએ, પણ ઘણું ઊંઘવું જોઇએ નહીં. તેઓએ વારંવાર નહાવું જોઇએ અને બંદગી તથા સુર્ય એ બાબતમાં પોતાનું ચીત પરોવવું જોઇએ. એ ઉપરાંત પાંચ હયાત તત્વો અને મહાતાબની પણ તેણીએ ખુબી ગાવી જોઇએ.

(12) Parsees venerate water, air aether, earth, fire, the sun, moon and Hormuz, as all bountiful, not transient, but immortal, and ever attending to life's necessary wants, and fulfilling lawful desires. They should read or repeat duly, every day their prescribed prayers, for attainment of trumph, grace and glory. In eating they should be silent. And their persons ought always to be pure.

(૧૨) પારસીઓ હવા, પાણી, ધરતી, આતશ, આફતાબ, મહાતાબ, અને અહુરમઝદને સેજદો કરેછે, તેઓ તેમને બક્ષેસના ઉતારનાર અને અમર જીંદગી ગુજારનારાં ગણે છે; અને તેમની બરકતથી જીંદગીની સઘળી હાજતો અને વ્યાજબી ખાહેશો બર આવતી અને પાર પડતી માને છે. ફતેહ, કીર્તી અને મહેરબાની મેળવવા સારૂ તેઓએ દરરોજ ફરજ્યાદ બંદગી કરવી જોઇએ અને જમતી વખતે બાજ ધરવી જોઇએ. પોતાના તન બદનની પાકીજગી તેઓએ હમેશાં જાળવવી જોઇએ.

(13) The advantages of wearing a Coostee or string of woolen round the waist are many, and equal to ablution in the Ganges. It is directed to be preserved whole and clean, and form a part of their dress, as well as the Suddra or fine shirt, and shift of both sexes. Their design is discanted upon, at large, in the nineteenth number of Zertusht's twentyone volumes.

(૧૩) કમરે કસતી લપેટવાના ફાયદા ઘણા છે. અને ગંગા નદીમાં સ્નાન કરવા જેટલું તેનું પુન્ય લાગે છે. તે આખી અને સ્વચ્છ બાંધવી જોઇએ, અને તે સાથે મરદો તેમજ સ્ત્રીઓએ સદરો પહેરેલો રાખવો જોઇએ. જરથોસ્તની એકવીસ કેતાબો માહેની ઓગણીસમીમાં તે કેમ બનાવવી તેની વીગતે સમજણ આપવામાં આવી છે.

(14) The Parsees solicit absolution of sin, after heartily repenting thereof, and by besmearing the body with the five products of the cow, (milk, curd, butter, Mooter and Gober) one after another and washing off each with water.

(૧૪) પારસીઓ ખરા દીલથી પસ્તાવો કરીને ગાયની પાંચ પેદાશો (દહીં, દુધ, માખણ, મુત્ર, અને ગોબર) એક પછી એક શરીરે ચોપડી અને પાણી વડે ધોઈ કહાડી પાપની મુક્તિ માગે છે.

(15) The sage inspired, who instituted these religious observances, for the conduct of mankind, predicted eternal bliss

(૧૫) જે પેગંબર સાહેબે હોરમઝદી બશારતથી માણસ જાતનાં ભલાંમાટે આ ધાર્મીક ફરમાનો આપ્યાં હતાં તેમને એવી આગાહી કીધી છે કે

to those who walked in the way of them. And it is believed, that their supporters have found habitations in heaven. To their blessed memories, devout Parsees strew sandal and pulse upon the land.

(16) Raja's reply—"Be joy to those who walk faithfully in the way of Hormuz; be increase of their generations; may their prayers obtain them remission of sins, and the smile of the sun; may, likewise, abundance of wealth, and the measure of their desires flow from the liberality of Lakshmee; and lastly let the beauties of person and of mind which now adorn, continue to distinguish them amongst nations to the end of time." (Illustrations of the grammatical parts of the Guzeratee, Mahratti, and English languages by Dr. Robert Drummond, Bombay, folio 1808).

જેઓ તે બજા લાવશે, તે હમેશગીનું સુખ મેળવશે, અને એમ માનવામાં આવે છે કે તે ફરમાન બજા લાવનારાઓ બેહશત મુકામ થયા છે. તેઓની પવીત્ર યાદમાં પરહેજગાર પારસીઓ ધરતી ઊપર સુખડ અને દાળ પાંથરે છે.

(૧૬) રાજાનો જવાબ—હોરમઝદની રાહે રાસ્તીથી ચાલનારાઓ સદા ખુશહાલ રહેજો; તેમનાં વંશની વૃદ્ધી થજો; બંદગીથી તેમનાં પાપ કપાજો; આફતાબની મહેરથી તેમની દોલત જ્યાદા થજો; લક્ષ્મીની બરકતથી તેમની મુરાદો બર આવજો; અને શેવટે જે મન અને તનની ખુબસુરતી માટે તેઓ આજે પ્રખ્યાત છે તે આખેરી જમાના સુધી સઘળી પ્રજાઓમાં તેમને મશહુરાત અપાવતાં રહેજો! (ગુજરાતી, મરાઠી, અને ઇંગ્રેજી ભાષાના વ્યાકરણની સમજણ—ડૉકતર રોબર્ટ દ્રમન્દ, ૧૮૦૮ ની આવૃતી મુંબઇમાં છાપેલી).



# ચાંદા પરકાશ.

શ્રીપાક દાદાર અજમતનો શાહેબ હર દો જેહાણનો પેદા કરનાર રોશણ જલકાટ નૂરનો ભહરેલો બૂજોરગ પૂરાંનો અને તમાંમ આલંમને રોજી રેજકનો આપનાર શરવે આલંમને દાંનાઈ અકલનો બખશનાર ॥ નેક બદ રાશતી ગેરરાશતીનો જાણનાર મોટી હેકમતનો ખાવંદ કે જેહેની શતા શેફતનો પાર નથી તેથી મૂખતેશર કરીને તે શાહેબ ગેબદાંની મદદ માંગીને એ કેતાબ ચાંદા પરકાશ નામની શરૂ કરૂ છેઊ.

હવે હજારાં હજાર દરૂદ શલામ પાક રાશત પેગંબર દીન માજદીઅસનીનાં જરાથુશત શાહેબ ઊપર હોજો જે તેને તમાંમ આલંમને ખુદાઈ રાહા દેખાડી ને ખુરશેદી નૂર ભહરેલી રાહાનાં સૂમાર ઉપર દીનનાં કામ ચલાવાને વાશતે અવશતાનાં પહડવામાં દીનની ગવાહી આપીને રોજ માહાં આફતાબી ચાલ ઈઆને હરવરશની કશર જમે કરીને લેવાની રાહા દેખાડી હેવા પાક પેગંબર ઉપર બેસૂમાર આફરીન હોજો જે કોઈ એ નેક રાહા કબીશાની દેલથી બેશક જાણશે તે ગુરથમાંન મોકાંમ પાંમશે અગર કોઈ એ વાત ઉપર દેલમાં શક રાખશે તે શખશ શ્રી પાક ઈઅજંદાનો તથા પેગંમબરનો ચોર થાશે ને આખર દોજખ ભોગવશે.

શ્રી પાક ઈઅજદાંની મદદથી દીન જરતોશતીના હોકમ મૂજબ એ બેહેતર દીનમાં કબીશો કરવો રવા છે તેથી એ કેતાબ દુરૂશત કરીને આજ મબારક રોજ ૬ ખુરદાદ માહા ૧ ફરૂઅરદીન શને ૧૨૦૦ શેહેનશાહા ઈઅજદજ્જૂરદી તથા શંવત ૧૮૮૬ શાકે ૧૭૫૨ આશો વદ ૫ વાર ગરેઉ તારીખ ૭ અખતોબર શને ૧૮૩૦ અંગરેજી એ દીને તમાંમ કીધી છે. જરથુશતી ફીરકાનાં ફાએદાને વાશતે ઈઆદગારી રેહેવાને કાજે એ કેતાબ ચાંદા પરકાશ નામની કબીશો કરવાની રાહા રશંમ શાથે તથા તેહેનાં ગણીત હેશાબ સૂમાર કીધેલા શાથે શંશકરત જૂબાંનમાં છે તે મધેથી શરવે માએની ગુજરાતીમાં કંમતરીન મોબેદ એદલ નોરોજજી બીન શાપુરજી કાકા અંધેઆરૂનાંએ તમાંમ તઈઆર કીધી છે. જે કંમતરીને ઘણી મેહેનત લેઈને શંશકરત જૂબાંથી ગુજરાતીમાં ખોલાશો કીધો છે. તે તે શાહેબો પોતાની પાક નઈઅતે શાચી મનશની શાથે વાંચીને વાકેફ થાશે તેવારે તેહુનુ દેલ શાફ થાશે જે દેલનો શક ગોબાર દૂર થાશે તેવારે મુકરર કબીશો આગલા બુજરગો કરી ગીઆ છે તે રવા જાણશે તથા હવે પછે કબીશો કરવો પણ ફરજ છે તે જાણેઆમાં આવશે. તેથી તે શાહેબોને બાફરજંદાન ફરજંદ બેહૂ જેહાંણની ખૂશાલી નફો હાશેલ થાશે વાશતે જે દીનદાર શાહેબે એ નેક કેતાબ મધે ઘણીએક મેહેનત તથા ખરચ કરીને એ કેતાબ છપાવી છે તે દીનદાર લોકોનાં કામમાં આવશે.

શ્રી પાક દાદારની મદદથી દીનદાર રાશત ગોફતાર દીન માજદીઅશનીના શાહેબોને રોશન જાહેર કરૂં છેઉ જે આએ કેતાબ હીનદોસતાંણના પાદશાહા મુદાફરની [ મુઝફરની ] પાદશાહીના વખતમાં શશકરત વાણીમાં અવશતાની ઈજીશને નાંમની કેતાબની ગવાહી સૂધાં શંવત ૧૫૨૩ શકે ૧૪૮૮ ના માગસર શુદ ૧૦ વાર શુકરે શને ૯૩૫ ઈઅજદજ્જૂરદ શેહેરી-આર શેહેનશાહી માહા ૧૨ શ્પંદારમદ રોજ ગેહે ગાથા ૩ શપંતોમદ એ દીને શ્રી નામદાર ચાંદા અધેઆરૂએ પોતાના જનંમનો દાહાડો પકડીને એ કેતાબ બનાવેલી છે. ને તમાંમ આફ-તાબી ચાલ ઉપર કબીશો કરવાની શરવે હકીકતના શલોકો બાંધીને કીધી છે. તે કેતાબ હાલ કમતરીન પાશે મોજૂદ છે તથા તેહેવીજ કેતાબ હાલ સી મુમબઈ મધે નેકનાંમ દીનદોશત દીન આગાહા દશતુરજી શાહેબ શ્રી એદલજી દારાબજી બી. [ બીન ] શરે દશતુર [ સર દસતુર ] જંમશેદજી પાસે છે તે અગર જેહેને ખાહેશ હોએ તે તજવીજ કરે. હવે અરજ કરૂ છેઉ જે એ કેતાબ ગુજરાતી બનાવાનો શબબ એ છે જે ગુરથમાંણ મોકાંમી પસુમોખાંની

દશતુર અશપંદીઆરજી વલદે દશતુર કામદીનજી શ્રી ભરૂચનાં રેહેવાસીએ કેતાબ ૧ કબીશાની બાબત રોશન કરવાને શને ૧૧૯૫ શેહેનશાહી ઈઅજદજુરદી તા૦ શંવત ૧૮૮૨ નાં શાલમાં ફારશી જીબ્નેથી ગુજરાતી હરફે બનાવી છે તથા તેવાર પછે કેતાબ ૧ ખુરે વેહીજક નાંમની અવશતાના પદોથી પેહેલવી પાજનની શરેહમાથી કબીશો કરવો શાબેત પોહોચાડવાને કાજે હકીકતો ચૂટી કાહાડીને શ્રી મમબઈ મધે શને ૧૧૯૭ શેહેનશાહી ઈઅજદજુરદી શને ૧૮૨૮ ઈશવી તથા શંવત ૧૮૮૪ નાં શાલમાં નેકનાંમ એલમો દાનેશ મોબેદ એદલજી દારાબજી શંજાણાંએ ગુજરાતી તરજમો કીધો છે તે કેતાબથી દીનદાર લોકોનાં દેલ શાફ થાએઆંને એકીન લાવેઆ જે કબીશો દીનમાં જાએજ છે. પણ શરવે જરથુશતી ફીરકાને માલુમ નથી જે તે કબીશાનો માશ આવતો તે વારે શી રવેશે કરીઆ [ કિરીઆ=ક્રિયા ] મારગ કરીને આગલા બુજરગો કબીશો કરતા એ વાતની જરૂર હતી તે શબબે એ કેતાબ કમતરીને ગુજરાતીમાં જાહેર કીધી છે. એ કેતાબની કદર ગુજરાતી કીધાનીનો જાણનાર જે કોઈ કે એલમનો ભરેલો ગણીતનો કરનાર હશે ઈઆ કોઈ દીનદાર શાહેબ મોટી અકલનો ધણી દરાજ હલકાં મગજનો રાખનાર હશે તે શાહેબ એ કેતાબનાં બેઆનને પીછાંનશે.

હવે દીનદાર શાહેબે એ કેતાબ મધેનાં જે ચાંદા અંધેઆરૂનાં કીધેલા શલોક છે તેહેને તથા પારસી પરકાશનાં કેટલાએક શલોક લખેઆ છે તેહેને ઘહણી વખત ઉશતાદની નજદીક વાચશો ને તે શલોક મુજબ જૂબાં તેજ રાખીને ખુશ આવાજે પહડશો તેવારે ફરી ફરી વાંચવાનો ઘણો શોક થાશે ને પોતાનાં જીવથી એમ શમજશે જે ગોએઆ જાણે હરખે કરીને ભલી દીનનો કબીશો કીધો હેવી ખુશાલી હાશલ થશે.

બીજું એ જે જે કોઈ શેહેનશાહી ફીરકાના શાહેબો મધેથી ઈઆ એ ફીરકાની દીનનાં દુશમનો મધેથી કોઈ શખશ પોતાની ખાંમ અકલે બદ ગુમાંણ રાખીને એમ કેહેશે જે હમારી નજરમાં એ વાત માંકુલ આવતી નથી તો તેહેની ગવાહી એ જે શંવત ૧૬૯૯ શાકે ૧૫૬૫ના શરાવણ માશ મધે પારશી પરકાશ નાંમની કેતાબ બનાવેલી છે તે મધે શાફ જાહેર ખોલાશો કીધો છે જે મેખનો શાએન સૂરજ થાએ તે દીનથી પારશી લોકોનો દાહાડો મોકરર છે. હેવી રીતે તે કેતાબમાં ગવાહી આપી છે વાશતે તે પૂશતકતો ઘણાં બહરામણોને તાંહાં છે તથા કમતરીન પાશે છે તેથી પોતાની નીશાં કરે ને પોતાનાં દમાગથી બદ ગૂમાંન કાડી નાંખે ને દેલને શાફ કરે એ મીશાલે જેહેને ખાહેશ હોએ તે પોતાની નીશાં કરીને કબીશા ઉપર એકીન લાવીને પોતાની મોરાદે પોહોચે ને પોતાનાં દેલની ચેરાગ રોશણ કરે.

બીજુ કમતરીનની મોરાદ એ છે જે જે કોઈ એલમનાં જાણનારા દીનદાર શાહેબો માહારે ઉપર મેહેરબાન થાઈને એ કેતાબ મધે જે જગો ભૂલચૂક હોએ તે રાશતી રાહે શફાઈની કલમે શમારજો.

બીજુ એ જે નેકનાંમ દીનદાર એલમનાં રાખનાર દશતૂરો વગેરે જોતીશી આશમાંની આફતાબી વગેરે શેતારાઓની રાહા ગણીતનો સુમાર જાણનારા શાહેબોને માલુમ થાએ જે એ કેતાબ ચાંદા પરકાશ નાંમની કબીશાનાં રાહા રશંમની દીનનાં હોકમ મૂજબની છે તે બાબત કમતરીન અરજ કરૂ છેઉં જે એ કેતાબ મોતાલે કરી ઈઆને વાંચી ખાતર જમે કરી રાશતી રાહે એ કેતાબ અજાણાં લોકોને સમજાવજો તેથી તમાંમ જરથોસતી ફેરકાના દેલ શાફ થાએ.

## ચાંદા પરકાશ.

૦ એ કેતાબનુ શાંકલીઉ છે.

૨૨. પાને શલોક ૧૮ કબીશો કરવાની હકીકતનાં છે.

૭૬. પાને મેખનો શાએન સૂરજ નવો દાહડો કાડવાનો છે.
૮૨. પાને પારશીના દાહડા ઉપરથી હીનદી દાહડો વરતવો.
૯૦. હીનદી શાકે ઉપર મૂશલમાની દાહડો વતવો [ વર્તવો ]
૯૫. પાને પારશી શને ઉપર મુશલમાની દાહડો કાડવો.
૯૯. પાને કબીશાના આંક કાડવા હર શનેહે ઉપરથી.
૧૦૧. આક્રીના કબીશાનો શલોક લખેઓ છે.
૧૦૫. પાને પારશી શનેમાથી કબીશો કાડવાની વીગત.
૧૦૭. હીનદી શંવત શાક ઉપરથી પારશીના શને રોજ માહા કાડવાની વીગત.
૧૧૩. પાને બરહમતુલનાં હરગણમાથી રોજ માહા કાહાડવાનો શલોક છે.
૧૧૫. પાને પારશી શને ઉપરથી હરગણ કરવાનો શલોક છે.
૧૧૮. પાને બરહમતુલનાં હરગણમાથી વાર કાડવાની વીગત.
૧૧૯. કરણ પરકાશના શુકરવારો હરગણ લખેઆ છે.
૧૨૫. પાને સૂકરવારા હરગણા મધેથી પારશી રોજ માહા કાડવાનો લખેઓ છે.
૧૨૭. પાને પારશી રોજ માહા ઉપર સૂકરવારો હરગણ કરવો.
૧૨૯. પાને સુકરવારા હરગણ મધેથી વાર કાડવાની વીગત.
૧૩૦. પાને આફતાબી ચાલનાં બુરજોનાં નાંમ તથા કોઠા છે.
૧૩૩. પાને આફતાબી રોજનાં નાંમ લખેઆં છે.
૧૩૭. પાને શરવે જશણ ઇઆને પરજાનો શલોક તથા કોઠા છે.
૧૪૧. પાને વાર ૭ નાં નાંમ છે તથા તેહેના કોઠા છે.
૧૪૩. પાને મુશલમાંણી હીજરી માશનાં નાંમ છે.
૧૪૯. પાને રપીથવણ એશે તે દીનથી દાહડો વધે છે તેહેના દીનમાન હર મહીનેના છે.
૧૬૦. પાને કેટલાએક વરશની પતેતીનો દાહડો વાર ઇઅજદી તા. હીનદી તા૦ મુશલમાંણી રોજ માહા શને શાથે શંવત ૧૬૪૭ થી તે આવતા શંવત ૨૬૦૬ લગી વરતેલો છે હર દાહડો ૧૨૦ એકશોવીશ વરશનો વરતેલો છે.
૧૭૩. પાને પેગંબર શાહેબનો તાલેનાંમુ તા૦ તેહેનું ફલ છે.
૧૮૬. પાને હર મહીને ચાંદરાતને દીને રૂડા સુકંન જોવાના છે.

કબીશો કરવાની કરીઆ મારગ ઇઆંને રાહા દેખાડી છે. તેહેના શલોક શંસરૂકરત તા૦ ગુજરાતી હરફેલખેઆ છે તથા તેહેની માએની ગુજરાતીમાં લખી છે.

## શલોક ૧ પેહેલો.

श्री दादार अहुर्म्मिज्दाय नमः ५॥ नामेन महाज्ञानि करोमि विधि कविशा सक्यते पाकदिन्या । प्रोक्ता जरथुश्त्र एवं प्रगटीत महिमा पंचगाहेषु गाथा ॥ मुक्तात्मानं पवित्रं दशदिनसहितं गहंबारं षु उत्तमं तस्मात्कार्यं कविसायां सुवचनं शोधनं रोजमाहे ॥ १ ॥ नामेन माहागनानी करोमि वीधी કવીશા સકેઅતે પાક દીનેઆ ॥ પરોકતા જરથુશતર એવં પરગટીતા મહીમા પંચ ગાહેસુ ગાથા ॥ મુકતાતમાંન પવીતર દશ દીન સહીતં ગહંબારં સુ ઉત્તમમ ॥ તસમાત કારીએમ કવીશાએઆંમ સુવચનં શોધનં રોજ માહે ॥ ૧ ॥

## એ શલોક ૧ પેહેલાની માએની.

શ્રી દાદાર અહુર મજદને નાંમે કરૂંચ હું વીગત કવીશાની પાક દીનને જાણીને. કહીઉ છે જરથોશત પેગબર શાહેબે એ પરગટ જાહેર મહીમા ઇઆંને શોભા તે હરરોજ પાંહાંચે ગેહેને વીશે તથા ગાથાને વીશે તથા પાક મુકતાતમાના દશ દાહડાને વીશે તથા ઉત્તમ ગહં-

બારોને વીસે હેવા જે મોટાં દીનનાં કામોને વાશતે કવીશા કરવા રૂડા વચને કરીને ઇઆને અવશતાનાં હોકમે કરીને રોજ માહાનું શોધવું કીધું છે.

### શલોક ૨ બીજો.

**शाक्षि आभ्यां ईषशनौ पुस्तकं जंदसध्ये । यन्नाम्ना अनया दिन्या उक्तमास्ते । यदहं ध्रुवं विवेदे करोमि वचकं । सुक्षमं प्रकार गणितं स्मृतं च चांदा ॥ २ ॥**

શખશી આભેઆંમ ઇજિશનૌ પૂશતકં જંદ મધે । એત નાંમના અનએઆ દીનેઆ ઉકત માશતે ॥ એદહં ધરૂવં વીવેદ કરોમી વચકં । સુખશમમ પરકાર ગણીતં સમરતંચ ચાંદા ॥ ૨ ॥

### એ શલોક ૨ બીજાની માએની.

શાહેદી આપૂ છેઉ જંદ ઇજિશનેનાં પૂશતક મધે કે જેહેનું નામ એ દીનમાં મશહુર છે તે કોણ હેવો જે જરથુશતને નીશચે ઇઆને મુકરર જાણીને કરૂ છુ. તે [નેં] કહુછુ રૂડે પરકારનુ જે ગણીત ઇઆંને એ દાહડો વાર કાડવાનો વરતારો કરવો તે કહીઉ ચાંદાએ.

### શલોક ૩ તરીજો.

**मेषेर्के सायने सूर्ये ता दिने विजनिरोपणं । प्रवरद्यादि नुतन माशा सुदरतरंच [ सुदरतरंच ] शोभीता । यदत्राही [ तदत्रहि ] अहुर्म्मिज्द रोजे स्यात् सर्वं कार्येषु सिद्धिदा । त्रिसंत् दिनानि माशानि द्वादश माश समाप्यते ॥ ३ ॥**

મેખેરકે શાએને સૂરીએ તદ દીને બીજ નોરોપણં ॥ ફરૂઅરદેઆદી નુતન માશા સુનદર તરંચ શોભીતા ॥ એલાહી અહુરમજદ રોજ શેઆત સરવ કારીએસુ સીધીદા ॥ તરીશત દીનાની માશાની દવાદશ માશ સમાપેઅતે ॥ ૩ ॥

### એ શલોક ૩ તરીજાની માએની.

હર વરેશમાં જે દાહડે મેખનો શાએન સૂરજ થાએ ઇઆંને મેખનો આફતાબ ફરૂઅરદીન નામનાં બરૂજમાં આવે તે દાહડે નવા રોજ માહનું બીજ રોપાએ છે. તે દીને નવા ફરૂઅરદીન મહીનાથી માશ ગણાએ છે. તે નવો માશ શુ સુનદર થકી શોભતો છે ઇઆને ઘણો ખુબસૂરત રોશંણ જલકતો છે. ને વરી તે મેખનાં આફતાબને દીને ઇલાહી ઇઆને મોટા ખુદાતાલાને નાંમે । હોરમજદ રોજ નવો શરૂ થાઅ તે શરવે કાંમમાં ફતેહ આપે તેવા નવા હોરમજદ રોજથી ૩૦ તરીશ દાહડાનો માશ ગણીએ તેહેવા ૧૨ માશ જે વારે પૂરા થાએ ॥૩॥

### શલોક ૪ ચોથો.

**यदानिं माश समाप्यंते तदा विजं च परीश्फुटं । पंचदश नाडीका हत्वा [ हत्वा ] पंच गाथा च उत्तमा ॥ संस्कार प्रथमे वर्षे प्रतिवर्षेषु संवत्सरे । खाक्षिंदुजायेते [ खाक्षिंदुर्जायते ] वर्षे सर्वं हत्वा [ हत्वा ] अवेक्षिते ॥ ४ ॥**

એદાનીં માશ સમાપેઅંતે તદા બીજં ચ પરીશપૂતં ॥ પંચ દશ નાડીકા રહતેઆ પંચ ગાથા ચ ઉતમા ॥ શંસકાર પરથમે વરશે પરતી વરશેસુ સંવતછરે ॥ ખાઅખસીનદુઃ જાએતે વરશે શરવ રહતેઆ અવેશટીતે ॥ ૪ ॥

### શલોક ૪ તરીજા [ ચોઠા ] ની માએની.

જેવારે માશ ૧૨ બાર પૂરા થાએ તે વારે તે વરશની કશરનાં બીજ જે છે તે જાહેર આપીએ. તે બીજ કીહાં જે પાંચ દીન ગાથનાં તથા રહતી શંસકાર ઇઆંને ઘડી ૧૫ પંદર જે ઓતંમ આફતાબી છે તે પરશનાં ૩૬૦ તરંણ શેહને શાહ દીનમાં જોડીએ હેવો શંસકાર

પેહલા વરશમાં આપીએ. પછે પરતી વરશે ઇઆને હર વરશે એ પરમાણે દીન ૩૬૫ નું વરશ કરીએ ને તેહની જે રહતી સંશકાર ઇઆને હર વરશની ઘડી ૧૫ છે તે શરવે વરશો શાથે લપેટાએલી રેહેછે. ઇઆને મલતી રેહે છે ॥ તે કાંહાં લગી જે નવે ફરૂરદીન માશને હોરમજદ રોજ બેશે તાંહાંથી તે વરશ ૧૧૯ પૂરાં થાએ ને પછે વરશ ૧૨૦ એકશો વીશમું બેશે તે વરશ સૂધાંની કશરની લપેટેલી રાખે ઇઆંને મલતી રાખે ॥ કાએ જે દીનના હોકંમ મુજબ વરશ ૪ થાએઆથી એક દીન જીઆદે કરવાનો હોકંમ નથી. તેથી એ શરવે ઘડી એક જુમે કરે તેવારે તે ૧૨૦ એકશો વીશ વરશ શરવે દીન ૩૬૫। તરંણ શેહે શવા પાંશટ વરશના થાએ તેહેને સંવતછર કરી કેહે છે ॥ ૪ ॥

## શલોક ૫ પાંચમો.

ततस्ते हूत्य [ हृत्वा ] संस्कारौ तस्यै वयं कुरुते सदा । खखाष्टेंदुकला अश्लेष्टा षष्टिहत दिन त्रिंशका ॥ चाधिमासं सभागं च चांदाचिहिनेन स्मृता । पूर्वाचार्यैं रचिता भेदा या कवीसासु सिधका ५

તતશતે રહતેઅ સંસકારો તશટકં કુરૂતે સદા ॥ ખખાશટેંદુ કલા અશલેશટા શશટી રહત દીન તરીંશકા ॥ ચાધીમાંશ શભાગંચ ચાંદા ચીહીનેન શમરતા પૂરવાચારએઈ રચીતા ભેદા કરીઆ કવીશાસુ સિધકા ॥ ૫ ॥

## શલોક ૫ પાંચમાંની માએની.

હવે તે જે રહતી શંશકારની ઘડીઓ છે તેહેને એકઠી કરીએ તે વરશ ૧૨૦ એકશો વીશની કુલ ઘડી અઢારશેહે ૧૮૦૦ એકઠી છે ॥ તેહેને શાથે કરીને ભાગ લીજીએ તે દીન ૩૦ તરીશ થાએ તેવારે તે છેહેલા વરશમાં અધીક માશ આવે. તેહેની વીગત એ જે જેવારે વરશ ૧૧૯ એકશો ઓગણીશ પૂરાં થાએ ને ૨૦ વીશમું વરશ બેશે તેવાર ફરૂઅરદીન માશ ૨ બેએ કરવા ને તે વીશમું વરશ માશ ૧૩ તેરનું પૂરૂ કરવુ. તેવારે કબીશો ૧ પેહેલાની કશર પૂરી થાએ. પછે વરશ ૧૨૧ મું બેશે તાંહાંથી ફરીને કશર ઉપર લખી છે તે પરમાને લેતા જાવુ ને જે વારે વરશ ૨૩૯ પુરાં થાએ ને વરશ ૪૦ ચેઆલીશમું બેશે તે વરશમાં અરદીબેહેશત માંશ ૨ બે કરવા ને તે વરશ ૪૦ ચેઆલીશમુ માશ ૧૩ તેરનુ પુરૂ કરવું. તે વારે કશર કવીશા ૨ બીજાની પૂરી થાએ. પછે વરશ ૨૪૧ મું બેશે તાંહાંથી ફરીને કશર ઉપર લખી છે તે પરમાણે લેતા જાવું ॥ તે જેવારે વરશ ૩૫૯ પુરા થાએ ને શાઠમું વરશ બેશે તે વરશમાં ખુરદાદ માશ ૨ બે કરવા ને તે શાઠમું વરશ માશ ૧૩ તેરનુ પુરૂ કરવુ. તેવારે કશર કવીશા ૩ તરીજાણી પુરી થાએ ॥ પછે વરશ ૩૬૧મું બેશે તાંહાંથી ફરીને કશર ઉપર લખી છે તે મુજબ લેતા જાવુ ને જેવારે વરશ ૪૭૯ ચેહારશે ઓગણાસી પુરા થાએ ને વરશ ૮૦ મું બેશે તે વરશમાં તીર માશ ૨ બે કરવા ને તે વરશ ૮૦ મું માશ ૧૩ નુ પુરૂ કરવું ॥ તેવારે કશર કવીશા ૪ ચોથાની પૂરી થાએ. પછે વરશ ૪૮૧ મું બેશે તાંહાંથી કશર ઉપર લખી છે તે પરમાણે લેતા જાવું ને જેવારે વરશ ૫૯૯ પુરાં થાએ ને વરશ ૬૦૦ છશેહેમું બેશે તે વરશમાં અમરદાદ ૨ બેએ માશ કરવા ને તે વરશ ૬૦૦ છશેહેમું માશ ૧૩ તેરનું પુરૂ કરવું. તે વારે કશર કવીશા પાંચની પુરી થાએ ॥ પછે વરશ ૬૦૧ મું બેશે તાંહાંથી કશર ઉપર લખી છે તે મુજબ લેતા જાવુ. જેવારે વરશ ૭૧૯ પુરાં થાએને વરશ ૨૦ વીશમું બેશે તે વરશમાં શેહેરેવર માશ ૨ બેએ કરવા ને તે વીશમુ વરશ માશ ૧૩ તેરનું પુરૂ કરવું. તેવારે કશર કવીશા ૬ છઠાની પૂરી થાએ. પછે વરશ ૭૨૧ શાતશેહે એકવીશમુ બેશે તાંહાંથી કશર ઉપર લખી છે તે મુજબ લેતા જાવુ. જેવારે વરશ ૭૩૯ પુરાં થાએ ને વરશ ૪૦ ચેઆલીશમું બેશે તેવારે તે વરશમાં મેહર માશ ૨ બેએ કરવા ને તે ચેઆલીશમું વરશ માશ ૧૩ તેરનું પુરૂ કરવુ. તે વારે કશર કવીશા ૭ શાતમાની પુરી

થાએ. પછે વરશ ૮૪૧ મું બેશે તાંથી કશર ઉપર લખી છે તે મુજબ લેતા જાવું. જેવારે વરશ ૯૫૯ પુરાં થાએ ને વરશ ૬૦ શાઠમું બેશે તે વરશમાં આવાં માશ ૨ બેએ કરવા ને શાઠમું વરશ માશ ૧૩ નુ પુરૂ કરવુ. તે વારે કશર કવીશા ૮ આઠમાણી પુરી થાએ ॥ પછે વરશ ૯૬૧ મુ બેશે તાંહાંથી કશર ઉપર લખી છે તે મુજબ લેતા જાવુ. જેવારે વરશ ૧૦૭૯ પુરાં થાએ ને ૮૦ મું બેશે તે વરશમાં આદર માશ ૨ બેએ કરવા ને તે હેશીમું વરશ માશ તેરનું પુરૂં કરવું. તેવારે કશર કવીશા ૯ નવમાંણી થાએ. પછે વરશ ૧૦૮૧ મું બેશે તાંહાંથી કશર ઉપર લખી છે તે મુજબ લેતાં જાવું. જેવારે વરશ ૧૧૯૯ પુરાં થાએ ને ૧૨૦૦ બારશેહેમું બેશે તે વરશમાં દેએ માશ ૨ બેએ કરવા ને તે બાહારશેમુ વરશ માશ ૧૩ નુ પુરૂ કરવું. તેવારે કશર કવીશા ૧૦ દશમાંણી પુરી થાએ ॥ પછે વરશ ૧૨૦૧ બેશે તાંહાંથી કશર ઉપર લખેઆ પરમાંણે લેતા જાવું. જેવારે વરશ ૧૩૧૯ પુરાં થાએ ને વરશ ૨૦ મું બેશે તે વરશમાં બેહેમણ માશ ૨ બેએ કરવા ને તે તેરશેહેને વીશમું વરશ માશ ૧૩ તેરનું પુરૂ કરવું. તેવારે કશર કવીશા ૧૧ અગીઆરમાંણી પૂરી થાએ. પછે વરશ ૧૩૨૧ મું બેશે તાંહાંથી કશર ઉપર લખેઆ મુજબ લેતા જાવું. જેવારે વરશ ૧૪૩૯ પુરા થાએ ને વરશ ૪૦ ચેઆલીશમું બેશે તે વરશમાં શપંદારમદ માશ ૨ બેએ કરવા. તે મધે પેહેલા સપંદારમાં ગાથાનાં દીન ૫ નહી કરવા. જેવારે બીજું શપંદાર પુરો થાએ તેવારે દીન ૫ ગાથાના કરવા ને એ ચઉદશેહે ચેઆલીશમું વરશ માશ ૧૩ નુ પૂરૂ કરવું. તેવારે કશર કવીશા ૧૨ બારમાંની પૂરી થાએ. એ શરવે વરશ પૂરાં થાએ એક દોહેરો [દોર, દૌર] પૂરો થાએ ॥ હેવું ચાંદાએ જાણીને કહીઉ ને આગલા દશતૂરોએ કવીશા કરવાની ભેદની રચના શીધ કીધી છે. ઇઆને શાચી બાંધી છે. તે મુજબ કહીઉ છે ॥ ૫ ॥

## શલોક ૬ છઠો.

तदंते वर्षमध्येषु यो धिमासं संभवो भवेत् । ज्ञायते माश नामानि द्वौपि माशौ कुरुते तदा ॥
पूर्वाचार्यैं कथितै एवै पेहलवीजंदेषु पुस्तकं । ईजस्नौषु तथा न्येषु जानाति माथ्रवांणिषु ॥ ६ ॥

તદંતે વરશ મધેશુ ઇઓ ધીમાશં સંભવો ભવેત્ ॥ ગનાએતે માશ નામાની દવૌપી માસૌ કુરૂતે તદા ॥ પૂરવાચારેઈ કથીતઈ એ વૈઈ પેહેલવી જંદેશુ પૂશતકં ॥ ઈજશનૌસુ તથા અનેસુ જાનાતી માથરવાંણીસુ ॥ ૬ ॥

## એ શલોક ૬ છઠાની માએની.

એ વીશમા છેહેલા વરસની કરીઆ ફરી એમ કીધીછે જે તે જે છેહેલાં વરશમાં જે હધીક માશ ઉદે પાંમેઓ હોએ ઇઆને જાહેર પેદા થએઓ હોએ તે માશનું નામ જાંણીને ઇઆને બેએ ફરૂઅરદીન ઇઆ બેએ અરદીબેહેશત ઇઆ બેએ ખુરદાદ ઇઆ બેએ તીર ઇઆ બેએ અમેરદાદ ઇઆ બેએ શેહેરવર ઇઆ બેએ મેહેર ઇઆ બેએ આવાં ઇઆ બેએ આદર ઇઆ બેએ દેએ ઇઆ બેએ બેહેમંન ઇઆ બેએ શપંદારમદ હેવા માશોનું નાંમ જાણીને તે વરશમાં તેહેજ નાંમનાં બેએ માશ કરવા ને પહડવા હેવું આગલા દશતૂરોએ કેહીઊછે. ને એ પરકારે પેહેલવી જંદનાં પૂશતકમાં તા. ઇજશનેના પૂશતકમાં તા. બીજાં પૂશતકોમાં ઇઆને બીજી કેતાબોમાં કબીશા કરવાનો હોકંમ લખેઓ છે. અને વરી માથર વાણીમાં આરાધના કીધી છે ઇઆને જંદ અવશતાનાં કલાંમમાં પહડીએ છેઇએ તેહેમાં વરશને તા. મહીનાને તા. ગહંબારને તા. દાહડાને તા. કશરની ઘડીને આરાધના કીધીછે. ઇઆને ઇજીવું કીધુંછે ॥ ૬ ॥

## શલોક ૭ શાતમો.

केचित् गाहे हाउअनेषु केचित्समये रपीथ्वने । मार्गेषु शरफाशात्रे यत मासी वेहेतरक भवेत् ॥
तदनूत्तरेन कुरुते कार्यं पट गहंवारंच दिक दिनं । वृधाचार्या कथितै एवै अहं श्रोणोमि गूरूं पूस्तकं ॥

કેચીત ગાહે હાઊઅનેશો કેચીત સમએ રપીથ્વને ॥ મારગેસુ શરફાબતાએ ઈઅત માસી બેહેતરક ભવેત ॥ તદનું અંતરેન ફુરૂતે કારીએમ શટ ગહંબારંચ દીક દીનં ॥ વરધાચારીઆ કથીતેઈ ઈવિઈ અહં શરોણોમી ગુરૂ પૂશતકં ॥ ૭ ॥

## એ શલોક ૭ શાતમાની માએની.

કોઈ વખત ઊપર કબીશાનો માશ હાઊઅંણ ઘેહેમાં આવેછે તથા કોઈ વખત ઊપર રપીથવંણમાં આવેછે. તે શરફ આફતાબની રાહે ઈઆને શરદાર મેખનાં શાએન સૂરજની રાહે જે મહીનો બેહેતરક હોએ ઈઆને બેહેતરક તે કવીશાનાં અધીક મહીનાને કેહેછે. તે બેહેતરક માશમાં ગહંબાર ૬ છ. તે કીહા જે અરદીબેહશત મહીનાનાં તથા તીર માશના તથા શેહરેવર માશનાં તથા મેહેર માશનાં તથા દેએ માશનાં તથા શપંદારમદ માશનાં જે ગાથા ગહંબાર. એ માશ ૬ છ મધે આગર કબીશો આવેઓ હોએં તે વારે પેહેલા માસમાં ગહંબાર નહી કરવા. તેહેજ નામે બીજો માશ કરીને તેહેમાં ગહંબાર કરવા. તથા શપંદારમદ માહામા મુકતાતમાના દશ દાહડા ગાથા સૂધાં નહી કરવા. બીજો શપંદાર માહા કરવો તેહેમાં મુકતાતમાનાં દીન ૧૦ કરવા. એ પરકારે બૂઢા દશતૂરે કહીઊછે તે અમોએ શાંભલેલું છે મોટાં પૂશતકોથી મોટી કેતાબોથી.

## શલોક ૮ આઠમો.

**माशे सप्तेषु संध्या रपिथ्वन समये मेषगे सायने च । मासे पंचेषु पंच विजशहीते वृश्चिके हाउनाख्ये ॥ तौद्वौ संध्यांतरे यदि हायेनेषु आयाति माश फरुअरदीने । जानाति प्रथमेषु हाउअने मासे द्वितियेच रपीथ्वने ॥ ८ ॥**

માશે શપતેસુ શંધેઆ રપીથવન સમએ મેખગે શાએનેચ ॥ માસે પંચેશુ પંચ બીજ શહીતે વરશચીકે હાઊનાખેએ ॥ તઊ દવઊ સંધેઆંતરે એદી હાએનેસુ આએઆતી માશ ફરઅરદીને ॥ જાનાતી પરથમેસુ હાઉઅને માશે દવીતીએચ રપીથવને ॥ ૮ ॥

## એ શલોક ૮ આઠમાની માએની.

મેખ રાશીના શાએન આફતાબને દીનેથી ઈઆને ફરૂઅરદીન મહીનો ને હોરમજદ રોજથી તે મેહેર મહીનોને હોરમજદ રોજ લગી માશ ૭ શાત રપીથવંણ ઘેહે જાંણવી. તથા વરશચકનાં શાએન આફતાબને દીનેથી ઈઆને આબા માહા ને રોજ હોરમજદથી તે શપંદારમદ માહા આખો ગાથાના દીન ૫ શાથે માશ ૫ ને દીન ૫ લગી બીજી હાઊઅણ ઘેહે જાણવી. એ બંધો ગેહે મધે જે ગેહેમાં કબીશાનો માશ આવી પોહોંચે તેવારે તે ઘહેમાં માશ ૧ જીઆદે કરવો ઈઆને રપીથવંણ માશ ૭ ની છે તે માશ ૮ આઠની ગનાએ તથા હાઊઅણ માશ માશ ૫ ને દીન ૫ ની છે તે માશ ૬ ને દીન ૫ ની ગનાએ એ રીતે જાણવું. તથા બીજાું એ જે જે વરશમાં ફરૂઅરદીન ૨ આવે તેવારે પેહલો ફરૂઅરદીન જે છે તે ગીઆ કબીશાની કશરનોછે. તે માશમાં હાઊઅંણ ઘેહે પડીએ. તે માશ પૂરો થાએઆથી કબીશાની કશર પૂરી થાએ ને બીજો નવો ફરૂઅરદીન માહને હોરમજદ રોજથી પેતેતી કરીએ. ને તે દીનથી રપીથવણ પહડીએ ને તે માસમાં ખુરદાદ શાલનું જશંણ કરીએ. પછે એજ રીતે ૧૨૦ વરશ લગી ચાલીએ એ હકીકત કશર લેવાની તથા માશ ૧૩ નું વરશ કરવું તે શરવે શલોક ૫ પાંચમાંણી માંએની મધે લખીઊ છે. તે વાંચેઆથી માલુમ થાશે.

## શલોક ૯ નવમો.

**यदानिं द्विमाश निकटा प्राप्ता । तद प्रथम मासेषु निश्चिता ॥ क्रिलाचंपु शिक्षापयतो स्म । चांदा उक्तंसु संबोधने ॥ ९ ॥**

એદાનીં દવીમાશ નીકટા પરાપતા ॥ તદ પરથમ માશેપુ નીશચીતા કીલાદેએમસુ શીખ-શાપએતો અશમ ॥ ચાંદા ઊકતંસુ સંબોધને ॥ ૯ ॥

## એ શલોક ૯ નવમાની માએની.

જેવારે જે વરશમાં કબીશો આવે ને માશ ૨ બેએ એકઠા પાશે પાશે એકજ નાંમના આવે ઈઆને ફરૂઅરદીન ૨ તથા અરદીબેહેશત ૨ તા. ખુરદાદ ૨ તથા તીર બેએ તથા અમેરેદાદ ૨ તથા શહેરેવર ૨ તથા મેહેર ૨ તથા આવાં ૨ તથા આદર ૨ તથા દેએ ૨ તથા બેહમંણ ૨ તથા સપંદારમદ ૨ એ મીશાલે બેએ બેએ માશ શાથે આવે તેવારે તે પેહેલા કશરનાં માશમાં અવલ શાચી રુડી સીખાંમંણ દેઊ છેઊ તે મુજબ કબીશાના માશની કીરીઆ કરવી હેવું ચાંદાએ રુડે ગનેઆણે કરી નેક અકલે કહેઊ છે ॥ ૯ ॥

## શલોક ૧૦ તથા અગીઆર ૧૧ મુ.

**नगरे देशे भुवने भुवनेषु । ग्रामे गेहे संन्निहीतेच युक्ते ॥ अक्षयता च धर्मरक्षाय कस्तै । गेहे स्वामि मधिष्टारे च सर्वे ॥ १० ॥ सपुत्रादौस्य वर्गस्य । गुर्वनूज्ञाय प्राप्यते ॥ अग्रतो गौमूत्रेण । षुजलस्नानं कार्येत् ॥ ११ ॥**

નગરે દેશે ભુવને ભુવનેશુ ॥ ગરાંમે ગેહે સંનીહીતેચ ઈઓકતે ॥ અખશએતાચ ધરમ-રખશાએ કશતઈ ॥ ગેહે શવાંમી મધીશહતારેચ સરવે ॥ ૧૦ ॥ સપુતરાદૌસીઅ વરગસીઅ ॥ ગુરવનૂગનેઆએ પરાપેઅતે ॥ અગરતો ગઉ મુતરેણ ॥ સુજલ શનાંનં કારએત ॥ ૧૧ ॥

## એ શલોક ૧૦ તથા ૧૧ ની માએની.

હર નગરે નગર તથા દેશેદેશ તથા જગોએ ઈઆને મેહેલે મેહેલે તથા ગાંમે ગાંમ તથા ઘેહેરે ગર કવીશાનાં વરશની તથા માશની ખબર કરે. તથા જે કોઈ એક એક સાથે બેશનારા તથા શાથે રેહેનારા પડોશી વગરે શરવે પોતાની ઈછાએ કરીને ઈઆંને હરખહાંશે મોરાદ પક-ડીને કોણ હેવા જે ધરમના રાખનારા જે એકે દેલ થાઇને કબીશો પડે. તેહેની રીત એજે હર ઘરેઘહરનો ખાવીંદ તથા તેહેણી ધનીઆની તથા છોકરાં શરવે તથા પોતાનો બેશ કબીલો એ શરવે હર રોજ દશતૂરનો હોકમ લીએ ઈઆને દશતૂરને ઘેહેર જાઈ શવાબના કામ કરવાના પૂછે ને પોતાનાં દશતૂરને શેજદો શલાંમ કરીને પછે નેરંગદીને કરીને પોતાનું તંણ પાક કરે અંદરથી તથા બાહારથી. પછે પાક પાંણી ઈઆને આઓ નાંમેલાં પાવ કીધેલાં પાંણીએ નાહીને તંણ પાક કરે ઈઆને નવશો નાહે. એ મીશાલે શરવે કોઇતે બેહેતરક માશમાં હર રોજ તંણ પાક કરે. મનશની નેક રાખે.

## શલોક ૧૨ બારમો.

**अस्तिकता च राज्ञां समोह विश्वता च । समोवेद बेहेदीनयुता पंक्तिता च ॥ श्रीकां नामता शुधता सत्यताच । कुरुते सुभक्ति जरथुश्त्रोतिमांमच ॥ १२ ॥**

અસતીકતા ચ રાગનેઆમ સમોહ વીશવતા ચ ॥ સમોવેદ બેહેદીન ઇઉતા પંકતીતા ચ ॥ શ્રીકાંનાંમતા સુધતા સતેઅતાચ ॥ કુરૂતે સુભકતી જરથુશતરોતીમાંમચ ॥ ૧૨ ॥

## એ શલોક ૧૨ બારમાની માએની.

દીનદારીનાં પાદશાહા લોકોનો ટોલો તથા શરવે ખલકના મોબેદ બેહેદીન એકઠા થાઇને એક બીછાને થાએ. ઈઆંને હર જગોનો ટોલો એક બીછાંણે તથા બેસીને બંદગી કરે. તે કેહવા લોક કે પોતાનાં દીલથી નીરમલ ઈઆંને ગાલેલા સૂનાં જેહેવા તથા ઘણાં નામદાર તથા

ઘણાં ખાલેશ શાફ તથા ઘણા શાચા હેવા હુએ તે. તથા એ મીશાલે દેલ શાફ રાખીને જરથુશતની દીનના બંદાઓ મરદ તથા ઓરત શરવે રૂડી ભકતી કરે ઈઆને બંદગી કરે ॥ ૧૨ ॥

## શલોક ૧૩ તેરમો.

**कुरुते पु कृस्ति नुतन मुहु मुहु । कुरुते सु न्यायेश तरणौ समेहेरौ ॥ कुरुते च पापपरिवर्त्तयं च । कुरुते पु संध्या सकल साधनंच ॥ १३ ॥**

કુરૂતે પુ કૃશતી નુતંન મુહુ મુહુ ॥ કુરૂતે સુનેઆસ તરણઉ સમેહરઉ ॥ કુરૂતે ચ પાપ પરીવરતએમ ચ ॥ કુરૂતે સુ શંધેઆ શકલ સાધનં ચ ॥ ૧૩ ॥

## એ શલોક ૧૩ માની માએની.

રૂડી કૃશતી ફરી ફરી નવી કરીએ ઈઆને પાએ દીઆબ કૃશતી હર વખત કરેઆ કરીએ. પાએદીઆબ શાબેત રાખીએ. પછે હર વખત ગેહ ગેહની વાર ૩ તરંણ ખુરશદે તથા મેહેરની નેઆએશ કરીએ. પછે પોતાનાં ગોનાહા ફ્રીધેલાથી પાછા ફરીએ ઈઆને હર વખત પતેત ઘણી કરીએ. એ મીશાલે પાંચે ગેહે વખતની બંદગી દીનને હકે ફરજ ગુજારી કરીએ.

## શલોક ૧૪ ચઉદમો.

**प्रथम अध्यन माहाज्ञानिनां । द्वितिये वर्षे असिम स्वामिनां ॥ प्रथुलं पवित्र मुक्तात्मानां । चंद्रे श्रीकां अर्दीसुराणां ॥ १४ ॥**

પરથમ અધેએન માહાગનાનીનાં ॥ દવીતીએ અસેમ શવામીનાં ॥ પરથુલં પવીતર મુકતાતમાનાં ॥ ચંદરે સીકાં અરદીસુરાણાં ॥ ૧૪ ॥

## એ શલોક ૧૪ માની માએની.

પેહેલુ અવલ પડવું બંદગી કરવી તે દાદાર હોરમજદની નઈઅતે. બીજી બંદગી કરવી તે હર તરેહનુ પહડવુ અરદીબેહેશત અમેશાસપંદની નઈઅતે કરવી. તથા મોટાં પવીતર મુકતાતમાં અશો ફરોહરની નઈઅતે આરાધના કરવી. ઈઆને વંદીદાદથી તથા ઈજિશનેથી દરૂન મીઅજદ આફરંગાંણથી આરાધના કરવી. તથા ચંદરમાહાની ઈઆને મોહોર ઈજિદની બંદગી ગહણી કરવી. તથા નીરમલ શાફ અરદૂઈસુર બાંનુની બંદગી ઘણી કરવી.

## શલોક ૧૫ પંદરમો.

**पारीदं भक्ति श्रोशं प्रभुत्वेन । पारीदं ईजस्नौ रुचिरेण ॥ पारीदं मारंण दैत्या अध्यनेन । पारीदं होम सुगंधि सन्मानेन ॥ १५ ॥**

પારીંદં ભકતી શરોશ પરભુતવેન ॥ પારીંદં સુ ઈજિશનૌ રૂચીરેણ ॥ પારીંદ મારણું દેવા અધએનેન ॥ પારીંદ હોમ સુગંધી શનમાનેન ॥ ૧૫ ॥

## એ શલોક ૧૫ પંદરમાની માએની.

પાર વનાની ભકતી જે બંદગી શરોશની ઘણી વધારો. તથા પારવનાં રૂડી ઈજિશને હરખે કરીને કરાવો. પાર વનાંનું દેવોને મારવાનું પહડવું કરાવો ઇઆને હર તરહેના વંદીદાદ ઘહણાં કરાવો. તથા પારવનાનું સુગંધી હોમ ઘણો કરો ઈઆને આતશ બેહેરામને તથા બીજા હર આતશોને ઈજિત આબરૂ શાથે ઈઆને નેઆએશના પડવાએ કરી રૂડી ખુશબો શંદલ લોબાંણ અગર શાથે ઘહણી ચહડાવો.

## શલોક ૧૬ શોલમો.

**आराधये सर्वं असराणां उत्तमया च भक्त्या त्वयि ॥ पश्चात दानं कृतं कार्यं । गोरुपां कय राज्ञवत ॥ १६ ॥**

આરાધએ શરવ ઉત્તમઇઆચ ભકતેઆ તવઇ ॥ પશચાત દાનં કરતં કારીઅમ ॥ ગોરૂપાં કએ રાગનેએવત ॥ ૧૬ ॥

## એ શલોક ૧૬ શોલમાની માએની.

શરવે ફરેશતાઓની આરાધના કરવી ઈઆને હરરોજ ફરેશતા ૩૩ તેતરીશ વગરેનાં દરૂન આફરંગાંણુ ઈજીશને તથા વંદીદાદ જારી કરવા. ઉત્તમ ભકતીએ કરીને ઈઆને રૂડા અવશતાના પહડવાએ કરીને હેવી શરવે તહરેની બંદગી કરે. તેવાર પછે તે માશમાં દાંન શખાવતનાં કામ કરીએ. જે મીશાલે કે ઉતમ પુરૂશ જે કએઆંની રાજાઓ એ એ માશમાં શખાવત કીધેલી છે તે મુજબ કરીએ.

## શલોક ૧૭ શતરમો.

**खाद्यं मिष्टान्नदानं ददतु गुणवतां सर्वदा पंडितानां । प्रथ्वी वस्त्रच कांचन गोहययुतं मेपवर्षे छुदानं ॥ उर्णा कुस्ति पु कंचूकं वरफलबहुलं । मद्य दुग्धं च पूष्पं रोप्पीयं [ रौप्पीयं ] घटा पुपात्र मुक्तावलि सहीतं द्रव्यदानं च नित्यं ॥ १७ ॥**

ખાદેઅમ મીશટાંનદાનં દદતુ ગુણવતાં સરવદા પંડીતાનાં ॥ પરથવી વશતરંચ કાંચનં ગોહઇઉતં મેખ વરશો શટુદાનં ॥ ઉરનાં કૂશતી સુ કંચુકં વરફલ બહુલં ॥ મદેઅ દુગ્ધં ચ પૂસપં રૌપીઅમ ઘટાં સુપાતર મુકતાવલી શહીતં દરવેઅ દાનં ચ નીતેઅમ ॥ ૧૭ ॥

## એ શલોક ૧૭ શતરમાની માએની.

પેહેલુ દાંન એજે મોટા દશતૂર મોબેદોને તથા બીજા અશો મરદોને મીઠું [ મીઠું ] ખાંણુ ભાંત ભાંતણુ જમાડે. તથા જે દીનનાં જાણનારા એલમનાં પહડેલા લોકોને અશોદાદ હર તરહેની શખાવત કરે. તેહેની વીગત એ જે પરથવી ઈઆંને જમીણ પેદાએશ શાથેની તથા વશતર ઈઆંને ખાશ પોશાક તથા સુનુ તા० [તથા] ગાએ દૂધ ભહરેલી બચ્ચાં શાથે તા० [તથા] શાજદાર ઘોહોડો તથા બકરાં ગોસપંદોનો ટોલો બલદ નર ઘોધા તથા ઉઠજાણવર તથા ઉનની કૂશતી રૂડા શદરા શાથે તથા મોટાં ફલ ઈઆને હર તરહેનો મોટો મેવો ઘણાં રંગીન ભાંત ભાંતનો શરાબ તથા પાક ગાએ ગોશપંદનાં દુદ તથા ખુશબોદાર ભાંત ભાંતનાં કુલ તથા રૂપાંનાં ઘાટનાં વાશંણ ઈઆને અશતાંમાં વંદીદાદ ઈજીશને વગેરેનાં કાંમમાં આવે છે તેહેવાં વાશંણ તથા ઈથીઅશેમ ઘણીને પહડવાને કાજે મોતીની માલા ઈઆને તસબીહ તથા રૂપઇઆ રોકડા તા. [તથા] પઇશાનુ દાંન હરરોજ આપે. હેવાં દાંન આગલા પાદશાહા કેઆંણી શાહાઓ કરી ગીઆછે.

## શલોક ૧૮ અઠારમો.

**एवं दर्शयतो प्रकार प्रगटं पूर्ण्यं गुरुणां दिनां । यो यं पुण्यकार्यं करोतो सदैव लभतेच स्वर्ग गत ॥ सुक्ता चांदा प्रब्रुविमि निवासि नवशारी नागमंडले । आचार्य नेरीउसंगे वंसेपु स्छे [स्थे] कविशा क्रतातिश्रम ॥**

એવં દરશએતો પરકાર પરગટં પૂણેઅમ ગોરૂનાં દીના ॥ ઇઓએમ પૂણેએકારીએ કરોતુ સદઈવ લભતે ચ સવરગે ગતી ॥ સુકતા ચાંદા પરબુરૂવીમી નીવાસી નવશારી નાગ મંડલે ॥ આચારીએ નેરીઉસંગે વંશે સુસથે કવીશા કરતા તીશરમ ॥ ૧૮ ॥

## એ શલોક ૧૮ અઠારમાની માએની.

એ દેખાડુ છુ પરગટ પરકાર ઈઆંને જાહેર કરીઆ હેવી જે મોટા પુનવંત કવીશાના દાહડાની વાશતે તમો જે જરથુશતીનો ટોલો તેહેવાં પૂનનાં કામ કરો. હમેશે તે કામ કીધાથી મોટા બેહેશતને પામો. રૂડુ કહીઉ ચાંદાએ જારી કરીને હવે હું નોશારી નાગમંડલનો રેહેનાર છેઉ અને માહારી બુનીઆદ દસ્તૂર નેરીઓશંગની ઓલાદથી રાખુ છેઉ.

એ હકીકત કવીશો કરવાની શલોક ૧૮ ની માએની તમામ કીધી.

## મેખનાં શાએન સૂરજની હકીકત.

ચાંદા અધેઆરૂએ નવો દાહડો મેખનાં શાએન સૂરજથી કાહાડવા લખેઓ છે. વાશતે જે ખુદાન ખાશતે જરથુશતી ટોલાને કાંઇ આશમાંણી આફ્‌ત પોહોચે અને તે નોકશાંણથી રોજ માહા ઈઆદ નહી રેહે ઈઆ હવે પછે વખત બારીક આવે છે ને દીનનો ફીરકો કેટલોએક બાહાર દેશાવર નીકલી ગીઓ છે તે કેટલાએક લોકો પુરો દાહડોવાર આપડો જાણતા નથી તે કારણ માથે તથા જે દીનથી ઇરાંણ શેહેર મૂકીને હીંદોશતાંણમાં આવેઆ તેવાર પછે કેટલાએક કવીશા હાતથી ગીઆછે ને થાઈ શખેઆ નથી તેથી જો કદી દીન માજદીઅશનીનો ટોલો એકદેલ થાઇને આગલા જે દાહડા ગીઆ ૩૬૫ ની ચાલનાં તે શરવે હેશાબ સુમાર કરીને દીન ૦। પાની કશર લેઇને નકી કરે ને તેહેજ રાહે ચાલે તે બેહેતર છે. કાંએજે મોબેદ ઈઅજદ જરદ હજારીએ આવાં માશ ૨ કીધા છે તે દરૂશત છે. ઈઆ નહી તો નવો મેખનો આફ્‌તાબ વરતીને દાહડો પકડે તે કાંમને વાશતે આફ્‌તાબી ચાલ ચાંદા અંધેઆરૂનાં કીધા મુજબ શેવકે વરતી કાહડી છે તેની વીગત.

શંવત ૧૮૮૭ શાકે ૧૭૫૩ નાં ચઈતર શુદ ૭ વાર રવેઉ તારીખ ૫ માહે શવાલ શને ૧૨૪૫ હીજરી તા૦ તારીખ ૨૦ મારચ શને ૧૮૩૧ ઈશવી તથા શ્રી ઈઅજદગરદ શેહેરીઆર શેહેનશાહી શને ૧૨૦૦ રોજ ૨૦ બેહેરાંમ ઈજદ માહા ૬ શેહેરેવર એ દીને ઉદેઆત ઘડી ૩૩ પલ ૨૦ ઈઆંને રાત ઘડી ૩ પલ ૨૫ ગીઆ પછે મેખનો શાએન સૂરજ થાએઓ છે. તે દીને નવો ફરૂઅરદીન માહાને નવો હોરમજદ રોજનુ બીજ રોપાસે ઈઆને શરૂ થાસે તે સૂરજ વરતેલાના કોઠાછે.

| સૂરજ વરતેલો છે. | અએના અંશા છે. | શાએન સૂરજ છે. |
|---|---|---|
| રવી | ૨૧ | રવી |
| ૧૧ | ૪૮ | ૦ |
| ૮ | ૦ | ૦ |
| ૧૨ | | ૦ |
| ૦ | | ૦ |

એ પરમાંણે આફ્‌તાબ ટીપરાંની ચાલે જોશી લોકો વરતે તેહેની ચાલ એ જે એ શંવત ૧૮૮૭ ના શાકે ૧૭૫૩ નાં વરશમાં મીનનો સૂરજ રાશી ૧૧ અખશ [અંશ] ૮ ઘડી ૧૨ પલ હેવો વરતેલો આવેઓ. તે મધે એહેજ વરશના શાકે ૧૭૫૩ નાં અએનાં અંશા ૨૧ ઘડી ૪૮ પલ ૦ એ આંક સૂરજમાં જોડેઆ તેવારે રાશી ૦ અંશ ૦ ઘડી ૦ પલ ૦ એહેવો મેખના બરૂજમાં એ દીને આફ્‌તાબ આવેઓ. તે દીને નવો ફરૂઅરદીન માહાને હોરમજદ રોજ શરૂ થાએઓછે. હવે અંનજુમણ શાહેબની નજર પોહોચે તે પરમાંણે કરે. અગર કદી હેવો આફ્‌તાબ જે વરશમાં કાહડવો ચાહે તો એ આફ્‌તાબ વરતેલાની ઘડી ૧૨ આવેલી છે તેહેમાથી હરવરશ ઘડી ૧ ઓછી લીજીએ ને અએના અંશા જોડીએ તો તે આફ્‌તાબ ઠીક આવે. અગર હેવુ ફરમાવેઉ છે જે જે વખતે એ શાએન સૂરજ બેશે તે શાએતમાં રમલનો ધણી પાશાની શકલ જોજ ફરદ પડાવે તો તે પાશા દરૂશત હોએ ને તે ઊપર રમલનો અમલનો હોકમ અમલ ચલાવે તે આબાદ ફલ મલે છે.

## હકીકત રોજ માહ શાબેત પોહોચાડવાની વરતારાની રાહે.

જે વારે ઇરાન જમીનની તરફ આપડો ફીરકો કબીશો કરીને નીકલેઆ ને હીનદોશતાણની તરફ આવેઆ તે દીનથી લાચારીના શબબે ૩૬૫ દાહડાની ચાલ ચાલીએ છેઇએ. તે દાહાડો શાબેત તેહેકીક જાણવાને વાશતે એ શેહેનશાહી દાહાડા ઊપર હીનદુ લોકો [નો] શંવત શાકે તથા મહીનો તથા તીથી વાર કાહાડેઓછે તથા મુશલમાણી હીજરી શને તથા મહીનો તથા તારીખ કાહડી છે. તેહેનાં વરતારાની ચાલ ચાંદા અંધેઆરૂ એ શલોક શાથે બાંધેલીછે. તે ચાલ કમતરીને હીનદી ગુજરાતી હરફે ખોલાશો કરીને કેટલાં એક વરશનો વરતારો કરીને શરવે શએને [?] લખેઆછે. તે મધેથી હાલ શેહેનશાહી શને ૧૨૦૦ બારશેહે રોજ ૨૦ બેહેરામ માહ ૬ શેહેરેવર એ દીનેનો ગણીત વરતારો હીનદી શંવત્ શાક તથા મુશલમાણી શહને દાહડો વાર સૂધાં કાહાડવાનો દરશટાંત ઇઆને નમુનો જાહેર ખોલાશો કરી દેખાડુંછું જે એહેજ રીત પરમાંણે કમતરીને કેટલાંએક વરશના દાહડા વાર કાહાડેઆછે. તે જોશી લોકો મેલવીને નીશાં કરે હર વરશનાં ટીપરાંથી કાંએજે એ વરતારો ટીપરાં વીનાં આપડા ડાહાડા ઊપર મુકરર મલે છે તે લખીઉંછે.

## શંવત શાક હીનદી કાડવાની વીગત.

વરતમાંણ ઇઆને ચાલતો શેહેનશાહી શને ૧૨૦૦ છે તેથી ગત શને ઇઆને ગેએલા શને ૧૧૯૯ માંડીએ. તેહને ૩૬૫ તરંણશેહે પાંશટે ગણેઆ તે ૪૩૭ ૬૩૫ થઆ તે મધે ગત માશ અમરદાદ છે તે માશ ૫ પાંચમાણે તરીશે ગણેઆ તે ૧૫૦ થાએઆ. તે મધે ગત રોજ ૧૯ મો ફરઅરદીન મુકીએ તે ૧૬૯ થાએઆ. તેહેને ઉપર જે શનેના આંક ૩૬૫ તરણશેહે પાંશટે ગણેલાછે તે મધે જોડીએ તે ૪૩૭૮૦૪ થઆ. તેહેને ઇઅજદી દીનગણ કહીએ હવે તે દીનગણ મધેથી ૩૪૧૭૩૬ કાહાડી નાંખીએ તે ૯૬૦૬૮ રહા. તેહેને ઈશટ કરણનો ગણ કહીએ તે ઈશટ કરણના ગણને ૧૧ અગીઆરે ગણેઆ તે ૧૦૫૬૭૪૮ થઆ. તે મધેથી ૬૯૨ છશે. હેને બાંણએ કરી ભાગ લીધો તે ૧૫૨૭ થએઆ. તે મધે એક વધારેઓ તે ૧૫૨૮ થાએઆ. તે પેહેલું ફલ થાઇઉં તેહેને જુદું માંડી રાખીએ. પછે ફરીથી ઈશટ કરણનો ગણ જે ૯૬૦૬૮ છે તે માંડીને તે મધે પેહલુ ફલ ૧૫૨૮ છે તે જોડેઆ તે ૯૭૫૯૬ થાએઆ. તે મધેથી ૩૦ તરીશે ભાગ કાહાડેઓ તે ૩૨૫૩ આવેઆ. તે જુદા માંડી રાખવા. તે મધેઅ [મધ્ય] ફલ ઇઆને બીજું ફલ આવેઊ. અને તે મધેના જે શેશ ઇઆને બાકી ૬ છ રહાતે ગત તીથી આવી તે મધે એક મુકીએ તે ૭ શાતમ આવી. તે માંડી રાખીએ. પછે જે મધેઅ ફલ ૩૨૫૩ છે તેહેને ૧૫ પંદરે કરી ગણીએ તે ૪૮૭૯૫ થએઆ તે મધેથી ૫૦૩ પાંચશેહેને તરંણે ભાગ લીધો તે ૯૭ આવેઆ. તે મધે ૧ વધારેઓ તે ૯૮ થએઆ તે તરીજુ ફલ થાઇઊ. હવે જે મધેઅ ફલ ૩૨૫૩ છે તે મધેથી તરીજું ફલ જે ૯૮ છે તેહને કાહડી નાંખેઆ તે ૩૧૫૫ થાએઆ તે માશગણ થએઓ. તે મધેથી ૧૨ બારે ભાગ લીધો તે ૨૬૨ આવેઆને શેશ જે બાકી ૧૧ રહા તે ગત માશ આવેઆ. તે મધે ૧ વધારેઓ તે ૧૨ બાર થએઆ. તે બારનુ ૦ શુન મુકીએ. તે ચઇતર માશ આવેઓ. ને તે બારનું શુન મુકતાં એક વધેઓ તે જે ૨૬૨ છે તેહેમાં જોડેઓ તે ૨૬૩ થએઆ તે મધે કરણ શાક ૧૪૯૦ જોડેઆ તે રાજા શાલી વાહનનાં શાકે ૧૭૫૩ થાએઆ. તે મધે ૧૩૪ જોડેઆ તે શંવત ૧૮૮૭ થાએઆ. એ પરમાણે શેહેનશાહી દાહડા ઉપર હીંદુના શંવત ૧૮૮૭ શકે ૧૭૫૩ ચઇતર શુદ ૭ વાર રવેઉ રોજ ૨૦ માહ ૬ શને ૧૨૦૦ એજદ જુરદી તે એ મીશાલ કાહાડીએ.

## હીંદવી શંવત શાક ઊપર મુશલમાની દાહડો કાડવાની વીગત.

**शक खाभ्रपंचेन्दुहीनोर्कनिघ्नो । मधुर्मासयुक्तो अधस्त्र्यश्वियुक्तो । द्विनिघ्नो स्वखव्योमनंदांशहीन । शरांगैखाप्तधिमासैर्युगुर्ध्वं ॥१॥ पतंगाप्तशेशे महर्मादिमाशो । रसाष्टांकयुक्तेषु लब्धेषु सन्न ॥२॥**

શક ખાભર પંચેદુ હીનો ૨૬ નિઘનો ॥ મધુર માશ ઈઓકતો અધશ તરેશવી ઈઓ-કતો ॥ દવી નીધનો શવખવેઓમ નંદાંશ હીન ॥ શરાંગઇ રવાપતાધી માશેઈ ઇઉગૂરધવં ॥૧॥ પતંગા પત શેશે મહરમાદી માશો ॥ રસાશટાંક ઇઉકતેસુ લબધેસુ સનહ ॥૨॥

## એ શલોકની માએની.

રાજા શાલીવાનનાં જે વરતમાન શાકે હોએ તે માંડીએ. તે મધેથી ૧૫૦૦ કાહાડી નાખીએ પછે તે જે શેશ રેહે તેહેને ૧૨ બારે ગણુએ. પછે તે મધે જે માશ હોએ તે અઈતરથી ગણીને મૂકીએ. પણ અધીક માશ તપાસી મૂકીએ. જો અધ્તર હોએ તો ૧ મૂકીએ વઈશાખ હોએ તો બેએ વધારીએ. એ મીશાલે બાહારે માશે ચડાવીએ. પછે તેહેને જુડા માંડીએ. ઈઆને તે અંકની હેઠળ ફરીથી તેહેજ આંક માંડીએ. તે બીજીવાર માંડેઆછે તેહેમાં ૨૩ વધારીએ. પછે તેહેને બમણાં કરીએ. પછે તે આંક તરીજીવાર હેઠે માંડીએ. તે તરીજી વારના આંક મધેથી ૯૦૦ કરી ભાગ કાઢીએ. શેશ રેહે તેહને માંજી નાખીએ ને તે નવશેહે ભાગ કાહાડતાં જે આંક આવે તે ઉપલા બીજી વારના આંકમાંથી કાઢી નાખીએ. પછે તેહેમાંથી ૬૫ પાંશટે ભાગ કાહા-ડીએ તે ભાગ ઉપલા આંકમાં જોડીએ તે માશગણ થાએ. તે મધેથી ૧૨ બારે કરી ભાગ કાહા-ડીએ તે જે ફલ આવે તેહેમાં ૯૮૬ જોડીએ તે હીજરી શને આવે. બાકી શેશ રેહે તે વર-તમાંણ માશ આવે. મોહરમ મહીનાથી તે માંશ આવે. તેહેનાં નાંમ કોઠા કાઢી લખેલાં છે ॥ તથા હીનદૂની જે તીથી પડવાથી તે અમાંશ લગી તીથી ૩૦ થાએ તે જે તીથી હોએ તેહેમાથી ૨ કાહાડી નાંખીએ તે હીજરી મુશલમાંણી તારીખ આવે. તેનુ જાણવું એ જે હર મહીને ચાંદ-રાત થાએ તેહેને બીજે દનથી મુશલમાંણની પેહેલી તારીખ જાણવી ॥

## પારશી શને ઉપર મુશલમાની શનેહે માહા કાહડવાની વીગત છે.

**शकपारशी पंचषटरामनिघ्नं । खरामहृतं सन्न लब्धं दुरुक्त ॥ रुद्राहतं उर्धांकांन् दिनं युतं । माशाह्नि दिना श्रष्टी आरबा ॥१॥ आरबी दिनाश्रष्टि वेदाशुषट्त्रिधनं वेद बाणायरामा हरंति ॥ अभ्राग्निहृतं माश-नूनं क्रमेण स्फुटं सन्न माशाह्नि मुक्तं मुनींद्रा ॥२॥**

શક પારસી પંચશટ રામ નીઘનં ॥ ખરાંમ રહતં શનેહ લખધં દુઈઉકતં ॥ રૂદરાહતં ઉર-ધાંકાંન દીન ઇઉતં ॥ માશા અહની દીના શરશટી આરબા ॥૧॥ આરબી દીના શરસટી. વેદાસુ શટ તરી ધન વેદ બાણાઈ રામા હરંતી ॥ અભરાગની રહતં માશ નૂનં કરમેણ ॥ સપુટં શનેહ માશાની મુકતં મુનીંદરા ॥૨॥

## માએનિ લખીછે.

પારસી શને ૧૧૯૯ ગત માંડીએ. તેહેને ૩૬૫ તરંણશેહે પાંશટે ગણેઆ તે ૪૩૭૬૩૫ થાએઆ. તે મધે ગત માસ ૫ ને ૩૦ તરીશે ગણેઆ તે ૧૫૦ થઆ. તે મધે ગત રોજ ૧૯ મુકેઆ તે ૧૬૯ થાએઆ. તે ઉપલા આંક જે ૩૬૫ ગણેલાંછે તેહેમાં જોડેઆ તે ૪૩૭૮૦૪ થાએઆ. તે મધેથી કવીશાની કશરના આંક ૪૪૦ કાહાડી નાખેઆ તે ૪૩૭૩૬૪ રહેઆ. તે કવીશા કાહાડવાની હકીકત આગલ લખીસુ. હવે જે કબીશા કાડેલા આંકછે તે મધે ૩૬૫૪ જોડીએ તે ૪૪૧૦૧૮ થાએઆ. પછે તે મધેથી ચંદરમાહાની ચાલે દીન ૩૫૪ તરણશેહે ચોપને કરી ભાગ લીધો તે ગત સને ૧૨૪૫ આવેઆ તે મધે ૧ જોડેઓ તે વરતમાણ શને ૧૨૪૬ આવેઆ, હવે એ શનેહે કાડેઆ પછે જે બાકી ૨૮૮ રહા તેહેમાંથી ૩૦ તરીશે ભાગ કાડેઓ. તે ગત માશ ૯ નવમો આવેઓ. તે મધે ૧ જોડેઓ તે વરતમાણ માશ ૧૦ દશમો આવેઓ તા૦ તારીખ એજે એ દીને હીંદુની તીથી ૭ શાતંમ છે. તે મધેથી ૨ કાહાડી નાંખીએ તે તારીખ ૫ મી આવી. એ પરમાંણે હીજરી શને ૧૨૪૬ માહે શવાલ તારીખ ૫ એ દીને થાઇ તેહેનું દરશટાંત લખેઉંછે ॥

## શનેહ મધેથી કબીશાના આંક કાહાડવાનો શલોક લખેઓછે.

**शन्ने प्रवर्त्त हीजरी खगुणैर्विभाज्यं लब्धं । महीभूमि॰तं किल शेषं संख्या ॥ ज्ञेया कर्मेण कवी-शाप्युभयुतास्यु । भुक्ता च भोग्य सहिता स्फुटता कविशा ॥१॥**

શનેહ પરવરત હીજરી ખગુણઈરિ વીભાજેએમ લબધં ॥ મહીભૂમી હતં કીલ શેશં સંખેઆ ॥ ગણેઆ કરમેણુ કવીશાપી ઊભઇઊતા સીઊ ॥ ભુક્તાચ્ર ભોગેઅ શહીતા સપુટતા કવીશા ॥૧॥

## શલોકની માંએની.

હીજરીના જે પરવરતમાંન શને હોએ તે માંડીને ૩૦ તરીશે ભાગ લીજીએ તે ભોગવાએલા કવીશા આવે. તે આંકને ૧૧ અગીઆરે ગણીએ તે લબધ કબીશા થાએ. તથા શેશ જે બાકી રહા તેહેનાં આંક લખીશ તે પરમાણે શેશના કવીશા જાણવા અને તે ભુક્ત ભોગએ ઈઆને ગએલા તથા બાકીના કબીશાને જોડીને એક જુમે કરીએ તે સપશટ કબીશા થાએ ॥

## બાકીના કવીશાનો શલોક છે.

**द्विपंच पर्व दशा स्त्रिनिशाकरा च । पंचदेवो धृतयकुक्षिजीनाषडश्वि ॥ खेटाक्षिणिश्च गदिता कवि-शास्तु शेषा । संख्या क्रमेण गणया येवनाद्वकालात् [ यवनाब्दकालात् ] ॥**

દવી પંચ પરવ દશા શતરીની શાકરાચ ॥ પંચ દેવો ધરતઈઅ કુખક્ષી જીના શડશવી ॥ ખેટાઅખશીણીશચ ગદીતા કવીશાસ્તુ શેશા ॥ શંખેઆ કરમેણુ ગણએઆ એવનાબદ કાલાત ॥

## માએની લખીછે.

૨ બે ૫ પાંચ ૭ સાત ૧૦ દશ ૧૩ તેર ૧૫ પંદર ૧૮ અઢાર ૨૧ એકવીસ ૨૪ ચોવીશ ૨૬ છવીસ ૨૯ ઓગણતીસ એ આંક પરમાણે જે વારે શનેહેમાથી ભાગ કાડતાં તેવા આંક બાકી રેહે. તેહેની શમજ એ જે જે વારે ૦।૧।૨ શેશ રેહે તેવારે ૧ પેહેલો કબીશો જાણવો. ૩।૪।૫ બાકી રેહે તેવારે ૨ બીજો કબીશો જાણવો. ૬।૭ બાકી રેહે તેવારે તરીજો કબીશો જાણવો. ૮।૯।૧૦ બાકી રેહે તેવારે ૪ ચોથો કબીશો જાણવો. ૧૧।૧૨।૧૩ બાકી રેહે તેહેવારે ૫ મો કબીશો જાણવો. ૧૪।૧૫ બાકી રેહે તેવારે ૬ છઠો કબીશો જાણવો. ૧૬।૧૭।૧૮ બાકી રેહે તેવારે ૭ શાતમો કબીશો જાણવો. ૧૯।૨૦।૨૧ બાકી રેહે તેવારે ૮ આઠમો કબીશો જાણવો. ૨૨।૨૩।૨૪ બાકી રેહે તેવારે ૯ નવમો કબીશો જાણવો. ૨૫।૨૬ બાકી રેહે તેવારે ૧૦ દશમો કબીશો જાણવો. ૨૭।૨૮।૨૯ બાકી રેહે તેવારે ૧૧ અગીઆરમો કબીશો જાણવો. એ મીશાલે શેશના કબીશા છે.

બાકીના કબીશા જાણવાના આંકનો કોઠો લખેઓછે હીજરીના તા. ઈજિદી જુરદીના.

| કબીશાના બાકી આંક. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૦ | ૩ | ૬ | ૮ | ૧૧ | ૧૪ | ૧૬ | ૧૯ | ૨૨ | ૨૫ | ૨૭ |
| | ૧ | ૪ | ૭ | ૯ | ૧૨ | ૧૫ | ૧૭ | ૨૦ | ૨૩ | ૨૬ | ૨૮ |
| | ૨ | ૫ | | ૧૦ | ૧૩ | | ૧૮ | ૨૧ | ૨૪ | | ૨૯ |

## શેહેનશાહી શનેમાંથી કબીશા કાડવાની વીગત.

એહેજ શલોક જે હીજરી કબીશાનો લખેલોછે તે મુજબ કરીઆ લેવી. પરથમ જે એજ-દે જુરદી શને હોએ તેહેનો ગત શને માંડીએ, તેમાથી તરીશે ભાગ કાહાડીએ. તે જેટલા આંક આવે તેહેમાં ૧ વધારીએ. પછે તેહેને ૧૧ અગીઆરે ગણીએ તે લબધનાં કબીશા થાએ ને જે શેશ રેહે બાકી જેટલા રેહે તે આંક કોઠામાં જોઇએ તે પરમાણે કબીશા શેશનાં જાણવા. હવે તે લબધના તથા શેશના ઇઆને ભોગવાએલા તા૦ [તથા] બાકીના કબીશાને જોડીએ તે શપશટ કબીશા થાએ.

8

## હીનદી શંવત શાક ઉપરથી ઈંગ્રેજી શેહેનશાહી રોજમાહ કાહાડવાનો શલોક છે.

शक पंचटीकचंद्रहिनोर्केनिघ्नो मधोर्यातमासान्वितोधोद्विनिघ्नात् । रसांगान्वितात् स्वाभ्रखांकांशहीनात् शरांगेरवाप्ताधिमासैर्युगूर्ध्वं ॥ १ ॥ खरामाहतो याततिथ्यन्वितोधस्त्रियुक्तात्स्वरामाभ्रशैलांशयुक्तात् । युगांगेरवाप्तावमोनस्तदुर्ध्वो भवेज्जीववारादिको अहर्गणोयं ॥ २ ॥

શક પંચટીક ચંદર હીનો રકનીઘનો મધોર ઈઆતમાશાનવીતો ધો દવી નીઘનાત ॥ રશાંગાનવીતાત સવાભર ખાંકાંશ હીન શરાગઈરિવાપતા ધીમાસઈરિ ઇઊગુરધવ ॥ ૧ ॥ ખરામાહતો ઈઆત તીથેઆન્‌વીતો ધતરી ઇઊકતા સવરામાભરશઇલાંશઇઊકતાત્ ॥ ઇઊગાંગઈરિ વાપતાવમોન સત દુરધવો ભવેત જીવવારાદીકો અહરગણો એમ ॥ ૨ ॥

### એ શલોક બેની માએની.

ચાલતા શાકે ૧૭૫૩ માંડીએ તે મધેથી ૧૧૦૫ કાડી નાંખેઆ તે ગતાબદા ૬૪૮ રહા. તેહેને ૧૨ બારે કરી ગણેઆ તે ૭૭૭૬ થાએઆ. તે મધે ગત માશ ફાગણ થાએઓ. તેહેનુ ૦ સુન મુકેઊ તે ૭૭૭૬ થાએઆ. તેહેને એહેજ આંકની તલે ફરીથી એહેજ આંક માંડીને બમણાં કીધા તે ૧૫૫૫૨ થાએઆ. તે મધે ૬૬ જોડેઆ તે ૧૫૬૧૮ થાએઆ. વરી તેહેને ફરી હેઠલ માંડીને તે મધેથી ૯૦૦ નવશેહે કરી ભાગ લીધો. તે ૧૭ આવેઆ તેહેને ઊપલા ફલના આંકમાંથી કાડી નાખેઆ તે ૧૫૬૦૧ થએઆ. તે મધેથી ૬૫ પાંશટે કરી ભાગ કાડેઓ. તે ૨૪૦ અધીકમાશ આવેઆ. તે ઊપલું ફલ જે ૭૭૭૬ છે તેહેમાં જોડેઆ. તે ૮૦૧૬ થઆ પછે તેહને ૩૦ તરીસે કરી ગણેઆ તે ૨૪૦૪૮૦ થાએઆ તે મધે ગત તીથી ૬ જોડી ૨૪૦૪૮૬ થાએઆ. વરી તે ફલને હેઠલ માંડી તે મધે ૩ જોડીએ તે ૨૪૦૪૮૯ થએઆ. વરી તેહેને હેઠલ માંડીએ ને તે મધેથી ૭૦૩ શાતશેહે તરંણે ભાગ લીધો તે ૩૪૨ આવેઆ. તેહેને ઊપલું ફલ જે ૨૪૦૪૮૯ છે તેહેમાં જોડીઊં તે ૨૪૦૮૩૧ થાએઆ. પછે તે મધેથી ૬૪ ચોશટે કરી ભાગ કાડેઓ તે ૩૭૬૨ ખેહે તીથીના દીન આવેઆ તેહેને ઊપલા આંક જે ૨૪૦૪૮૬ છે તે મધેથી કાડી નાખીએ તે ૨૩૬૭૨૪ થએઆ. તે બરહશપતવારનો અહરગણ થાએઓ. એ શલોક ૨ છે તે જોતીશના બરહમ તુલેઅ નામની કેતાબ મધેના છે. તેણે કરીને એ રીતે અહરગણ જે ગમે તે દાહડાનો કરીએ તે એહેજ રીતે આવે. પણ એ વરશમાં વઈશાખ ૨ છે તેથી એ હરગણ એક માશ ચડતો આવેઓ છે. તેથી એ હરગણનાં આંક જે ૨૩૬૭૨૪ છે તે મધેથી દીન ૩૦ તરીશ કાહાડી નાખીએ તે ૨૩૬૬૯૪ થાએઆ તે ચઇતર માશનો અહરગણ આવેઓ. હવે એ અહરગણ ઉપરથી રોજ માહા નીકલશે.

### બરહમ તુલેઅનાં [બ્રહ્મ તુલ્યના] અહરગણ મધેથી રોજ માહ શને કાહાડવાનો શલોક લખ્યું છે.

गुरो अहरगणो यं स्फुटं बाणनुनं । शरांगे गुणितंच शेसे खरामे ॥ शशिबाण भूते उध्वाकंच युक्तं । स्फुटं सन्नमाशान्ही भुक्तंच चांदा ॥ १ ॥

ગુરો અહરગણો એમ સપુટં બાંણનુનં ॥ શરાંગે ગુણીતંચ શેશે ખરામે ॥ શશીબાણ ભૂતે ઉરધાંકંચ ઇઉકતં ॥ સપૂટં શન માશા અહની ભુકતંચ ચાંદા ॥ ૧ ॥

### અરથ લખેઆ છે.

બહરશપત વારનો જે અહરગણ થએઓછે ૨૩૬૬૯૪ તે માંડીએ. તે મધેથી ગાથાના દીન ૫ પાંચ બીજનાં છે તે કાહાડી નાખેઆ, તે ૨૩૬૬૮૯ રહેઆ. પછે તે આંક મધેથી ૩૬૫ તરણશેહે પાંશટે ભાગ કાહાડેઓ તે ૬૪૮ આવેઆ. તેહેને જુદા માંડી રાખીએ. પછે જે બાકી શેશ ૧૬૯ રહા તે મધેથી ૩૦ તરીશે ભાગ કાડેઓ તે ૫ પાંચમો ગત સાશ આવેઓ. તે મધે

૧ જોડીએ તે માશ ૬ શહરેવર આવેઓ. તે આવતાં જે બાકી ૧૯ રહા તે ગતરોજ આવેઓ તે મધે ૧ જોડીએ તે રોજ ૨૦ બેહેરામ આવેઓ. હવે જે પેહેલો ભાગ કાહાડીને જુદો માંડેલો છે ૬૪૮ તે મધે ૫૫૧ પાંચશેહે ને એકાવણ જોડીએ તે ૧૧૯૯ ગત શને આવેઆ. તે ઉપર એક વધારીએ તે વરતમાન ચાલતા શને ૧૨૦૦ ઇઅજદ જુરદી આવેઆ એ મીશાલે જે વરશનો રોજ માહા કાડવા ચાહીએ તે આવી મલે.

## પારશી શને ઊપરથી બહરહમ તુલેઅનો અહરગણ કરવાનો શલોક છે.

पारसी सन्न शशिशरशटं ऋणं पूर्वंच सम्यक् । बाणांगरामे गुणितं युतं माशाह्नी भूतं च युक्तं ॥ ब्रह्मतुल्यं अहर्गणजोक्तं जीववारादि कार्यं । सुगमगणितं मुनिवररचितं वृत्तबंध च चांदा ॥ १ ॥

પારશી શન શશી શર રૂણાં પૂરવં ચ સમેએક ॥ બાંણાંગ રામે ગુણીતં ઇઉ તં માશાઅહની ભુતં ચ ઇઊકતં ॥ બરહમ તુલેઅમ અહરગણ જોકતં જીવવારાદી કારીએમ ॥ સુગંમ ગણીતં મુનીવર રચીતં વરત બંધં ચ ચાંદા ॥ ૧ ॥

## માએની લખી છે.

પારશી શને ૧૧૯૯ ગત માંડેઆ. તે મધેથી ૫૫૧ કાહડી નાંખેઆ તે ૬૪૮ રહા. તેહેને ૩૬૫ તરણશેહે ને પાશેટે ફરી ગણેઆ. તે ૨૩૬૫૨૦ થાએઆ. હવે ગત માશ ૫ પાંચસોછે તેહેને ૩૦ તરીશે ગણેઆ તે ૧૫૦ દીન થએઆ તે મધે ગત રોજ ૧૯ જોડેઆ તે ૧૬૯ થાએઆ. તે મધે ગાથાના દીન ૫ જોડેઆ તે ૧૭૪ થાએઆ. તે શરવે દાહડાને ઊપલા આંક જે ૨૩૬૫૨૦ છે તે મધે એ દીન ૧૭૪ જોડેઆ. તે ૨૩૬૬૯૪ થએઆ. તે પારશી શને ઊપર બરહમ તુલનો અહરગણ બરોબર આવેઓ.

## એ બરહમતુલના અહરગણમાંથી વાર કાહાડવાની વીગત લખી છે.

પરથમ એ અહરગણ ૨૩૬૬૯૪ છે તે માંડીએ. પછે તે મધેથી ૭ શાતે કરી ભાગ કાડેઓ તે ૩૩૮૧૩ આવેઆતે માંજી નાખીએ. ને જે શેશ બાકી ૩ રહા તે રવીવાર આવેઓ. તેહેની શમજએ જે જેવારે બાકી ૦ શુન રેહે તે વારે બરહશપતવાર જાણવા, તથા બાકી ૧ રેહે તો શુકરવાર, એએ ૨ વધે તો શનીશર વાર, ૩ વધે તો રવીવાર, ૪ વધે તો શોમવાર, ૫ વધે તો મંગલવાર, ૬ વધે તો બુધવાર, ૭ વધે તો બરહશપત વાર જાણવો. એ પરમાણે વાર કાહાડવા.

## કરણ પરકાશ નામના ગરંથમાંથી શુકરવારો અહરગણ લખેઆ છે.

शाक शक शक्रदशा निरस्ता रविगुणचैत्रादिमाशेयुता । द्विष्टा दस्त्रहना द्विराम सहिताऽधो भूपनंदे हृत ॥ लब्धानाविहुत शिलिमुख रशेराप्ताधिमाशे युतं । खत्रिघ्नंनि द्विधा कररशे युक्तस्तताध कूर्म ॥ १ ॥ विलोचनघ्नं रशत्रखवेदभूहूरत । फलान्वित शागरषड्भिरुध्दृत ॥ फलावमाना भृगुवार पूर्वका । भवदेयं रव्युदयादहर्गण ॥ २ ॥

શાક શક શકરદશા નીરશતા રવીગુણ ચઈતરાદી માશે ઇઊતા ॥ દવીશથા દશતર હતા દવીરામ શહીતા અધો ભુપનંદે રતહ ॥ લબધાના વીરહત શીલીમુખ રશે રાપતા ધીમાશે ઇઊતં ॥ ખતરી ધનંતી દવીધા કરરશ ઇઊકતાશ તતાધ કરમ ॥૧॥ વીલોચન ધનં રશતરીખ વેદ ભુરહત ॥ ફલાનવીત શાગર શડભી રૂધરત ॥ ફલાવમાના ભૃગુવાર પૂરવકા ॥ ભવેદ ઇમ રવીઊદઅઆદ હરગણ ॥ ૨ ॥

## માએની લખી છે.

શાકે ૧૭૫૩ માંડેઆ. તે મધેથી ૧૦૧૪ કાહાડી નાંખેઆ તે ૭૩૯ ગતાબદા રહા. તેહને ૧૨ બારે ગણેઆ તે ૮૮૬૮ થએઆ. તે મધે ગત માશ ૦ શુન મૂકેઊ તે ૮૮૬૮ રહેઆ. તેહેજ આંકને હેઠલ મુકીને બમના કીધા તે ૧૭૭૩૬ થએઆ. તે મધે ૩૨ જોડેઆ તે ૧૭૭૬૮

થએઆ. તેહેજ આંકને તેહેની હેઠેલ માંડીને ૯૧૬ નવશેહે શોલે ભાગ કાડીએ. તે ૧૯ આવેઆ તેહેને મધેઅની રાશીના જે આક ૧૭૭૬૮ છે તે મધેથી કાહાડી નાખીએ. તે ૧૭૭૪૯ રહેઆ. તે મધેથી ૬૫ પાંશટે કરી ભાગ લીધો તે ૨૭૩ અધીક માશ આવેઆ. તેહેને ઊપરની રાશી જે ૮૮૬૮ છે તે મધે જોડેઆ તે ૯૧૪૧ થએઆ. તેહેને ૩૦ તરીશે ગણેઆ તે ૨૭૪૨૩૦ થએઆ. તે મધે ગત તીથી ૬ જોડીને ૨૭૪૨૩૬ તેહેને હેઠલ ફરી તેહેજ આંક માંડીએ. તે મધે ૬૨ જોડેઆ તે ૨૭૪૨૯૮ થએઆ. વરી તેજ આંકને હેઠલ માંડીને બમણા કીધા તે ૫૪૮૫૯૬ થએઆ. તે મધેથી ૧૪૦૩ ભાગ લીધો તે ૩૯૧ આવેઆ. તેહેને મધેઅની રાશીના આંક ૨૭૪૨૯૮ છે તેહેમાં જોડેઆ ૨૭૪૬૮૯ થએઆ. તે મધેથી ૬૪ ચોશટે ભાગ કાડેઓ તે ૪૨૯૨ આવેઆ તે એહેની તીથી આવી. તેહેને પેહેલા આંક જે ૨૭૪૨૩૬ છે તે મધેથી કાડી નાખેઆ, તે ૨૬૯૯૪૫ થએઆ. એ આંક ચઈતર મહીનાનો અહરગણ આવેઓ પણ હેની પછાડી વઇશાખ માશ ૨ છે તે શબબથી એ હરગણ મધેથી દીન ૩૦ કાહાડી નાંખીએ તે ચઈતર મહીનાનો અહરગણ ૨૬૯૯૧૫ થએઆ. તે સીધ જાણવા.

## એ શુકરવારના અહરગણ મધેથી પારસી રોજ માહા કાહાડવાનો પરકાર છે.

એ શુકરવારો અહરગણ ૨૬૯૯૧૫ માંડેઆ તે મધેથી ૧૧ કાડી નાંખેઆ તે ૨૬૯૯૦૪ રહા. તે મધેથી ૩૬૫ તરંણશેહે પાંશટે ભાગ કાડેઓ તે ૭૩૯ આવેઆ. તે જુદા માંડવા. પછે જે શેસ બાકી ૧૬૯ રહા તે મધેથી ૩૦ તરીશે ભાગ કાહાડેઓ તે ગત માશ ૫ આવેઆ. તે મધે એક જોડેઓ તે માશ ૬ શહરેવર આવેઓ ને બાકી ૧૯ રહા તે ગત રોજ જાણવા. તે મધે ૧ જોડીએ તે રોજ ૨૦ વીશમો બેહેરામ આવેઓ. પછે જે પેહેલો આંક ૭૩૯ જુદા માંડેલાછે તે મધે ૪૬૦ જોડીએ તે ગત શને ૧૧૯૯ આવેઆ. તે ઉપર ૧ વધારીએ તે ૧૨૦૦ આવેઆ એ મીશાલે જે વરશ રોજ માહ કાડવા ચાહીએ તે દરૂશત આવી મલે.

## શુકરવારનો હરગણ પારસીના રોજ માહા ઉપર કરીએ તેહેનો શલોક છે.

चांदा प्रकाश सुगुवार जोक्तं । शष्टियुगं पारसीसन्नहीनं ॥ शरांगरामे हत रुद्रयुक्तं । युन्यिकमाशाह्नि स्फुटं हरगणे यं ॥ १ ॥

ચાંદા પરકાશ ભરગુવાર જોકતં ॥ શશટીઇઉગ પારસી શને હીનં ॥ શરાંગરામે હત રૂદરઇઊક્તં ॥ ઇઉનવીક માશા અહની શપુટ હરગણો એમ ॥ ૧ ॥

## માએની લખી છે.

ચાંદાએ જાહેર શુકરવારનો અહરગણ કહેઓ છે. પારશી ગત શને ૧૧૯૯ માંડેઆ. તે મધેથી ૪૬૦ કાડી નાંખેઆ તે ૭૩૯ ગતાબદા થાએઆ. તેહેને ૩૬૫ તરંણશેહે પાંશટે ગણેઆ તે ૨૬૯૭૩૫ થએઆ. તે મધે ૧૧ જોડેઆ તે ૨૬૯૭૪૬ થએઆ તે મધે અમરદાદ માશ ૫ પાંચ-માને ૩૦ ગણેઆ તે ૧૫૦ થએઆ. તે મધે રોજ ૧૯ ગત જોડેઆ. તે ૧૬૯ થએઆ તે ઉપલા આંક જે ૨૬૯૭૪૬ છે તે મધે જોડેઆ તે ૨૬૯૯૧૫ થાએઆ. તે કરણ પરકાશની બરોબર હરગણ થએઓ છે, હવે જે મીશાલે રોજ માહા કાડવા ૧૧૯ મે વરશે લખેઉ છે તે પરમાણે કરવું.

## વાર કાડવાની વીગત.

પરથમ એ હરગણ જે ૨૬૯૯૧૫ આવેલો છે તેહેને માંડીએ. તે મધેથી ૭ શાતે ભાગ કાડેઓ. તે ૩૮૫૫૯ આવેઆ. તે માંજી નાંખીએ. ને જે બાકી શેશ ૨ બે વધેઆ તે રવીવાર આવેઓ. તેહેની વીગત એ જે શુન ૦ વધે તો શુકરવાર, એક વધે તો શનીશરવાર, ૨ વધે તો રવીવાર, ૩ વધે તો શોમવાર, ૪ વધે તો મંગલવાર, ૫ વધે તો બુધવાર, ૬ વધે તો ગુરૂવાર, ૭ વધે તો શુકરવાર જાણવો.

## આફ્તાબી ચાલના બરૂજોના નામનો શલોક લખેઓછે.

फरवर्दिन चा अर्दीबेहशत पुरदाद तीर संज्ञका पंचमो अमरदादश्च षष्ठ शहरेवर स्मृता ॥ तद्वत् मेहेर आवां आजरश्च दयस्तथा बेहेमंन अस्फंदार सायना जात्क्रमादिमे ॥ १ ॥

ફરવરદીન ચા અરદીબેહેશત ખુરદાદ તીર શંગનીકા પંચમો અમરદાદસચ શશટ શહરેવર શમરતા ॥ તદવત મેહેર આબાં આજરશચ દએશ તથા બેહમંન અશફંદાર શાએના જાત કરમાદીમે ॥

## શલોક બીજો ફારશી ભાષાનો બાહારે બરુજનાં નામનો.

हमल सौर तथा जोजा सरतांन अशद क्रमात् । संवुलाचैव मीजांन आकरब कोश जदय ॥ दल्व-हुतौ क्रमात् ज्ञेया मेषादि राशयो ध्रुवं ॥

હમલ શોર તથા જોજા શરતાન અશદ કરમાત ॥ સંબુલા ચઈવ મીજાંન અકરબ કોશ જદઇઅ ॥ દલવહુતૌ કરમાત ગનેઆ મેષાદી રાશીઓ ધરુવં ॥ ૧ ॥

## એ શલોકની માએનીના કોઠા કાડેઆછે તેથી માલુમ થાશે.

શાએન સૂરજની ચાલથી એ મહીના ગણવા એ મહીનો તેજ બરુજનાં નામ છે.

| | બરૂજના નામ | રાશી ૧૨ | ફારસી જુબાં |
|---|---|---|---|
| ૧ | ફરૂઅરદીન | મેખ | હમલ |
| ૨ | અરદીબેહેશત | વરખ | શૌર |
| ૩ | ખુરદાદ | મેથુન | જોજા |
| ૪ | તીર | કરક | શરતાન |
| ૫ | અમેરદાદ | શહી | અશદ |
| ૬ | શેહરેવર | કનેઆ | શંબુલે |
| ૭ | મેહેર | તુલા | મીજાંન |
| ૮ | આબાં | વરશચક | અકરબ |
| ૯ | આજર | ધન | કોશ |
| ૧૦ | દએ | મકર | જદી |
| ૧૧ | બેહમન | કુંભ | દલવ |
| ૧૨ | અસફંદાર | મીન | હૂત |

## આફતાબી રોજ માહાના નામનો શલોક છે.

अहुर्मिझ्दश्च वेहमंन अर्दीबेहेशत संज्ञिकौ । शहरेवर अस्फंदारमद पुरदाद अमेरदादकौ ॥ १ ॥ देपादरादरा चांवां ॥ पुरो माहश्च तिरका । गोसस्तु देपमेहेरो । मेहेरस्तु श्रोशरश्नाच ॥ २ ॥ फरवर्दीन बेहेरामाख्यो रांमवाददेपर्दीन । दीनं अर्द आशताद आस्मान जमिआद ॥ ३ ॥ मारेश्फंद अनेरां रोजश्चैवांन्तिम सब माशा नाम्ना तु यस्तारिख स्त्याशिदिस्तु मासिका ॥ ४ ॥

અહુરમજદશચ બેહમન ॥ અરદીબેહેશત શંગનાકૌ ॥ શાહરેવર અશફંદાર ॥ ખુરદાદ અમેરદાદકૌ ॥ ૧ ॥ દેપાદરાદરૌ ચાંબાં ॥ ખુરો માહાશચ તીરકા ગોશસ્તુ દેપમેહેરો ॥ મેહેર-શતા શરોશ રશનોચ ॥ ૨ ॥ ફરૂઅરદીન બેહેરાંમાખેઓ ॥ રાંમ વાદ દેપદીન ॥ દીન અરદ આશતાદ ॥ આશમાન જમીઆદક ॥ ૩ ॥ મારેશફંદ અનેરાંસચ રોજશચૈવાંતીમ શબ માશા નામના તુ એશ તારીખ ॥ તએઆ મીદીસતુ માસીકા ॥ ૪ ॥

માએની છે ॥ હોરમજદ રોજથી તે અનેરાં રોજ લગી રોજ ૩૦ ના નામ છે ॥ તેહેના કોઠામાં શરવે નાંમ છે ॥ તથા છેલો અરથ એ જે ખુરશેદ રોશન થાએને હાઉઅન ગેહે બેશે તેહેજ વખત નવો રોજ બદલાએ તા. જે માશ હોએ તેહેજ રોજે પરબ કરવાં ॥

## રોજ તરીશના નામ તથા ગાથાના નામ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હોરમજ | ૮ | દેપાવર | ૧૫ | દેપમેહેર | ૨૨ | ગોવાદ | ૨૯ | મારેશપંદ |
| ૨ | બેહેમન | ૯ | આદર | ૧૬ | મેહેર | ૨૩ | દેપદીન | ૩૦ | અનેરાં |
| ૩ | અરદીબેહેશત | ૧૦ | આબાં | ૧૭ | શરોશ | ૨૪ | દીન | ગા ૧ | હોનૂઅદગેહે |
| ૪ | શેહરેવર | ૧૫ | ખુરશેદ | ૧૮ | રશને | ૨૫ | અરદે | ગા ૨ | ઓશતૂઅદગેહે |
| ૫ | અશફંદાર | ૧૨ | મોહોર | ૧૯ | ફરૂઅરદીન | ૨૬ | આશતાદ | ગા ૩ | શપંતોમદ |
| ૬ | ખુરદાદ | ૧૩ | તીર | ૨૦ | બેહેરાંમ | ૬૭ | આશમાન | ગા ૪ | વોહુખશથરોશ |
| ૭ | અમેરદાદ | ૧૪ | ગોશત | ૨૧ | રાંમ | ૨૮ | જમીઆદ | ગા ૫ | વેહેશતોઇઅશત |

## શરવે પરબ ઇઆને જશંણનો શલોક લખેઓછે.

नंदेंदवं त्रिषट्‌काम । सप्त वेद नृप दश नवाजीरां क्रमात् ज्ञेया ॥ तिथ्याष्टायाश्विना देय ॥ १ ॥ दूतिया बेहमनाख्ये अस्फंदार चैव पंचमि तेरीष ईदकार्येषु बुधैः प्रोक्तश्चतुर्दश ॥ २ ॥

નંદેઇનિદવ ૧૯ તરી ૩ શટ ૬ કાંમ ૧૩ સપત ૭ વેદ ૪ નરપા ૧૬ દશ ૧૦ નવા ૯ જીરાં કરમાંત ગનેઆ તીથેઅ ૧૫ અશટા ૮ તરેશવીનો ૨૩ દએઅ ॥ ૧ ॥ દવીતીઆ ૨ બેહેમનાખે અસફંદાર અઇવ પંચમી ૫ તેરીખ ઇદિકારીએસુ બુધ પરોકતશ ચતુરદશ ॥ ૨ ॥

## એ શલોક ૨ ની માએનીના એ કોઠાછે.

| | માશ ૧૨ ના નામ | જશન કરવાના રોજ લખેઆ છે |
|---|---|---|
| ૧ | ફરૂઅરદીન | રોજ ૧૯ ફરૂઅરદીન |
| ૨ | અરદીબેહેશત | રોજ ૩ અરદીબેહેશત |
| ૩ | ખુરદાદ | રોજ ૬ ખુરદાદ |
| ૪ | તીર | રોજ ૧૩ તીરઇજિદ |
| ૫ | અમેરદાદ | રોજ ૭ અમેરદાદ |
| ૬ | શહરેવર | રોજ ૪ શહરેવર |
| ૭ | મેહેર | રોજ ૧૬ મેહેર |
| ૮ | આબાં | રોજ ૧૦ આબાં |
| ૯ | આજર | રોજ ૯ આદર |
| ૧૦ | દએમાશ | દેપાદર દેપમેહેર દેપદીન |
| ૧૧ | બેહેમન | રોજ ૨ બેહેમન |
| ૧૨ | અસફંદાર | રોજ ૫ અશફંદારમદ |

## વારનાં નામનો શલોક છે.

रवेरेकसंबे दोसंबे शेशंबे । ततश्चारसंबे तथा पंचसंबे जुमाचैव संबे दिने रोज संज्ञा शब शर्वरी ध्वस्ततश्च प्रवर्ति ॥ १ ॥

રવેરેકશંબે દોશંબે શેશંબે । તતશચાર સંબે તથા પાંચશંબે જૂમા ચૈવ શંબે દીને રોજ સંગનેઆ । શબ શરવરી શબસ તતસચ પરવરતી ॥

એ શલોકનો અરથ એ જે વાર સાતના નામ પારસી જૂબાંમાં કહેઆં છે. તેહેના કોઠા કાડેઆ છે તેથી માલૂમ પડશે. અને એ વાર જે બેશેછે તે જોતીસ શાહાશતરથી આફતાબી ચાલે જે વાર બામદાદ થાએ તે વેલાની વાર બેશે. તે આખો દીન ને આખી રાત રેહેછે. તથા ચંદર માહાની ચાલથી જેવાર આફતાબ મગરેબના મુલકમાં જાએ ઇઆને શાંહાંજ પડે તેવારે વાર બેશે તે બીજી શાંહાંજે ઊતરે એ મીશાલે ચંદરમાની ચાલવાલા લોક કરેછે.

એ વારનાં નામ લખેઆં છે

| | | |
|---|---|---|
| રવીવાર | ૧ | એક શંબે |
| શોમવાર | ૨ | દો શંબે |
| મંગળવાર | ૩ | શે શંબે |
| બુધવાર | ૪ | ચેહાર શંબે |
| ગુરૂવાર | ૫ | પંજ શંબે, જૂમેરાત |
| શુકરવાર | ૬ | જૂમાં |
| શનીવાર | ૭ | શંબે |

## એ હીજરી માશા ૧૨ ના નામનો શલોક છે.

**महरम राफरश्चान्यो रबिअलअबलस्तथा जूमादिअलअवलस्तद्वत जूमादि अल आखरस्मृता ॥ १ ॥ रजब शाबांन रमजाना । शव्वालोजीलकादिच । जीलहज्ज ईमे माशा क्षपेशो देवत सदा ॥ २ ॥**

મરહમ શફરશ ચાંનેઓ ॥ રબીઅલ અવલશ તથા જુમાદીઅલ અવલશ તદવત જૂમાદી-અલ આખર શમરતા ॥ ૧ ॥ રજબ શાબાન રમજાન ॥ શવાલો જીલકાદીચ જીલહજ ઇમે માશા અખશીયેશો દઇતિ સદા ॥ ૨ ॥

એ શલોકની માએનીના કોઠા લખીસે. તથા એહેની મતલબ એ જે જેવારે ચંદર દર-શંણ હર મહીને થાએ તેહેને બીજે દાહાડેથી ઇઆને સુદ તરીજને દીનથી માશ બેશે ને તેજ દાહડે પેહેલી તારીખ ગણાએ. તેહેની વીગત એજે એ હીજરી મુશલમાની વરશ ૧ ના દીન ૩૫૪ જાંણવા. તે મધે અવલ માહોરંમ માશ દીન ૩૦ નો બીજો શફર માશ દીન ૨૯ નો તરીજો રબીઅલ અવલ દીન ૩૦ નો ચોથો રબીઅલ આખર દીન ૨૯ નો પાંચમો જમાદીઅલ અવલ દીન ૩૦ નો છથો જમાદીઅલ આખર દીન ૨૯ નો શાતમો રજબદીન ૩૦ નો આઠમો શાબાનદીન ૨૯ નો નવમો રમજાનદીન ૩૦ નો દશમો શવાલદીન ૨૯ નો અગી-આરમો જીલકાદદીન ૩૦ નો બારમો જીલહજદીન ૨૯ નો જાણવો. એ પરમાણે મુશલમાની દાહદા ચંદરમાની ચાલ ઊપર છે. તે બાજે વખત વરતારાની ચાલે કોઈ માશ દીન ૨૮ નો ભી આવે છે. તથા જે વારે એ દાહડાઓ ઊપરથી વરતારો કરવો પડે છે ને કશરના દાહડા જોડવા ઈઆ કાહડવા પડે તેવારે શફર માશ દીન ૨૮ નો લેવો.

ચંદરમાની ચાલના માશના નામ છે

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મહરમ | દીન | ૩૦ | એ મુશલમાની વરશના જુમલે દીન ૩૫૪ છે |
| ૨ | શફર | ,, | ૨૯ | |
| ૩ | રબીઅલ અવલ | ,, | ૩૦ | |
| ૪ | રબીઅલ આખર | ,, | ૨૯ | |
| ૫ | જમાદીઅલ અવલ | ,, | ૩૦ | |
| ૬ | જમાદીઅલ શાની | ,, | ૨૯ | |
| ૭ | રજબ | ,, | ૩૦ | |
| ૮ | શાબાંન | ,, | ૨૯ | |
| ૯ | રમજાંન | ,, | ૩૦ | |
| ૧૦ | શવાલ | ,, | ૨૯ | |
| ૧૧ | જીલકાદ | ,, | ૩૦ | |
| ૧૨ | જીલ હજ | ,, | ૨૯ | |

## રપીથવન બેશેછે તે દીનથી દાહડો વધેછે મેખના સુરજથી તેહેની વીગત.

**દીન વધેછે.** રોજ ૧ માહા ૧ એ દીને દાહાડો ઘડી ૩૦ પલ ૧ નો થાએછે. તેહેને દીન બીજેથી હરરોજ પલ ૩ વીપલ ૮ દાહાડો વધેછે. તે રોજ ૩૦ માહા ૧ દાહાડો ઘડી ૩૧ પલ ૩૪ નો થાએછે.

**દીન વધેછે.** રોજ ૧ માહા ૨ એ દીને દાહાડો ઘડી ૩૧ પલ ૩૬ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૨ વીપલ ૨૮ દાહાડો વધેછે તે રોજ ૩૦ માહા ૨ દાહાડો ઘડી ૩૨ પલ ૪૮ નો થાએછે.

રોજ ૧ માહા ૩ એ દીને દાહાડો ઘડી ૩૨ પલ ૪૮ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૧ વીપલ ૪ વધેછે. તે રોજ ૩૦ માહા ૩ દાહાડો ઘડી ૩૩ પલ ૨૨ નો થાએછે.

**દીન ઘટતોછે.** રોજ ૧ માહ ૪ એ દીને દાહાડો ઘડી ૩૩ પલ ૨૦ નો થાએછે તેહેને બીજે દીનથી હરરોજ પલ ૧ વીપલ ૪ ઘટે છે. તે રોજ ૩૦ માહા ૪ દાહાડો ઘડી ૩૨ પલ ૪૯ નું થાએછે.

**દીન ઘટતોછે.** રોજ ૧ માહા ૫ એ દીને દાહડો ઘડી ૩૨ પલ ૪૬ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૨ વીપલ ૨૮ ઘટેછે. તે રોજ ૩૦ માહા ૫ દાહાડો ઘડી ૩૧ પલ ૩૫ નો થાએછે.

**દીન ઘટતોછે.** રોજ ૧ માહા ૬ એ દીને દાહાડો ઘડી ૩૧ પલ ૩૨ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૩ વીપલ ૮ ઘટેછે. તે રોજ ૩૦ માહા ૬ દાહાડો ઘડી ૩૦ પલ ૧ નું થાએછે.

**દીન ઘટતો.** રોજ ૧ માહા ૭ એ દીને દાહાડો ઘડી ૨૯ પલ ૫૮ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૩ વીપલ ૮ ઘટેછે. તે રોજ ૩૦ માહા ૭ દાહાડો ઘડી ૨૮ પલ ૨૪ નો થાએછે.

**દીન ઘટતો.** રોજ ૧ માહા ૮ એ દીને દાહાડો ઘડી ૨૮ પલ ૨૧ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૨ વીપલ ૨૮ ઘટેછે. તે રોજ ૩૦ માહા ૮ દાહાડો ઘડી ૨૭ પલ ૧૦ નો થાએછે.

**દીન ઘટતો.** રોજ ૧ માહા ૯ એ દીને દાહાડો ઘડી ૨૭ પલ ૯ નો થાએછે. તેહેને બીજે દીનથી હરરોજ પલ ૧ વીપલ ૪ ઘટેછે તે રોજ ૩૦ માહા ૯ દાહડો ઘડી ૨૬ પલ ૩૮ નો થાએછે.

**દીન વધેછે.** રોજ ૧ માહા ૧૦ એ દીને દાહાડો ઘડી ૨૬ પલ ૩૯ નો થાએછે. તેહને બીજે દીનથી હરરોજ પલ ૧ વીપલ ૪ વધેછે. તે રોજ ૩૦ માહા ૧૦ દહાડો ઘડી ૨૭ પલ ૧૦ નો થાએછે.

**દીન વધેછે.** રોજ ૧ માહા ૧૧ ને દીને દાહાડો ઘડી ૨૭ પલ ૧૨ નો થાએછે તેહને બીજે દીનથી હરરોજ પલ ૨ વીપલ ૨૮ વધેછે. તે રોજ ૩૦ માહા ૧૧ દાહડો ઘડી ૨૮ પલ ૨૪ નો થાએછે.

**દીન વધેછે.** રોજ ૧ માહા ૧૨ એ દીને દાહાડો ઘડી ૨૮ પલ ૨૭ નો થાએછે તેહેને બીજે દીનથી હરરોજ પલ ૩ વીપલ ૮ વધેછે. તે રોજ ૩૦ માહા ૧૨ દાહાડો ઘડી ૨૯ પલ ૫૮ નો થાએછે. ગાથા ૫ સુધાં એ દીનમાન છે.

**द्वौ द्वौ मासौ समावंते अस्फंदार शहरेवरौ फरवर्दिन अमरदादौ द्वौ । तिर अर्दीबेहेस्त संज्ञिकौ ॥ १ ॥ बेहेमन मेहेरौ ज्ञेयौ दयांबौच समालिकौ ॥ खुरदादांत दिवा तुल्या । त्वगीरांत क्षपा स्मृता ॥२॥**

દવૌ દવૌ માંશૌ સમાવંતે ॥ સફંદાર શહરેવરૌ ॥ ફરવરદીન અમરદાદૌ દવૌ । તીરા અરદી-બેહેશત શંગનીકૌ ॥ ૧ ॥ બેહમન મેહેરૌ ગનેઅઉ દએ આંમઔચ સમાંનકૌ । ખુરદાદાંત દીવા તુલેઆ તવજીરાંતે ખસપા સમરતા ॥ ૨ ॥

માએની છે ॥ રોજ ૩૦ માહા ૬ તથા રોજ ગાથો ૫ માહા ૧૨ એ બંધે માશને છેહેલે દાહાડે દાહાડો ઘડી ૩૦ નો બરોબર જાંણવો. રોજ ૩૦ માહા ૧ તથા રોજ ૩૦ માહા ૫ એ બંધે માશને છેહેલે દાહાડે દાહાડો ઘડી ૩૧ પલ ૩૪ બરોબર જાણવો. રોજ ૩૦ માહ ૪ તથા રોજ ૩૦ માહા ૨ એ બંધો માશને છેહેલે દાહાડે ઘડી ૩૨ પલ ૪૯ બરોબર જાણવો. રોજ ૩૦ માહા ૭ તથા રોજ ૩૦ માહા ૧૧ એ બંધો માશને છેહલે દાહાડે દાહડો ઘડી ૨૮ પલ ૨૪ બરોબર જાણવો. રોજ ૩૦ માહા ૮ તથા રોજ ૩૦ માહા ૧૦ એ બંધે માશને છેહલે દાહડે દાહાડો ઘડી ૨૭ પલ ૧૦ બરોબર જાંણવો. હવે એની સમજ એ જે ખુરદાદ માશ ને અનેરાં રોજથી દાહાડો ઘટતો જાએ માશ ૬ સુધી તથા રોજ ૩૦ માહા ૯ આદર મહીનો ને અનેરાં રોજથી માશ ૬ સુધી દાહાડો શરવ દેશને વીસે વધેછે ને રાત ઘટેછે. હવે એ સુમાર પરમાણે ઘણી દાનાઇએ કરી અકલમંદ દીનદાર હોએ તે પીછાને જે એ મીશાલે ખુરશેદની ચાલ વધતી ઘટતી આવેછે. ને તે ખુરશેદ હરરોજ બાંમદાદ શરૂ થાએછે તેવારે હમેશે આપડો નવો રોજ બદલાએ છે. ને તે રોજ માહા હર અવશતાના પડવામાં આવેછે. તેવારે એમ જાણવું જે આપડા રોજ માહાની ચાલ ખુરશેદ ઊપરથીછે. ને તે ખુરશેદની ચાલ વરશ ૧ ના દાહાડા ૩૬૫ા નીછે. તેથી આપડી દીનમાં કવીશો કરવો મુકરર ઠરે છે તેથી જાણવું જે આગલા બુજોરગ દીનદારો કબીશો બેશક કરી ગીઆ છે. એ બાબતમાં કાંઈ શક નથી.

## કેટલાંએક વરશના વરતારા કરીને દાહાડા વાર કાહાડેઓછે તેની વીગત.

ચાંદા અંધેઆરૂએ પારશીના દાહાડા ઊપર હીનદુનો તથા મુશલમાંણનો દાહાડો વાર કાહાડવાની ચાલ બાંધીછે. શા વાશતે જે આગલા દશતૂરોએ કવીશો કીધેલો મુકરર જાણવાને વાશતે. તે શલોક તથા તેની તદબીર પાને ૭૯ મે શને ૧૨૦૦ ઇઅજદેજૂરદી મધે નવો શરફ અફતાબ કાહડેઓ છે તે જગે લખેલું છે. તે વરતારાની ચાલ મુજબ કંમતરીને કેટલાંએક ગીઆ શનેની પતેતી ગેઈ તે તથા આવતી પતેતીઓનો દાહાડો વાર જે રીતે હાલ આપરે ચાલીએચ તે પરમાણે કાહાડેઓછે. શા વાશતે જે ચાંદા અંધેઆરૂનાં શલોક બાંધેલાને શાબેત કરવાને વાશતે.

રોજ ૧ માહ ૧ શને ૯૬૦ શેહેનશાહી ઇઅજદેજુરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીનદી સંવત ૧૬૪૭ શાકે ૧૫૧૨ માગસર સૂદ ૨ વાર ગરેઉ તારીખ ૩૦ શલખ માહે મોહારમ શને ૯૯૯ હીજરી એ દાહાડો આવી મલેઓ છે. તે દાહાડાનો વરતારો કરી હરગણ માંડેઓછે, તેના કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશત કરણ હરગણ | બરહમ તોલ હરગણ |
|---|---|---|
| ૩૫૦૦૩૫ | ૮૨૯૯ | ૧૪૮૯૨૫ |

રોજ ૧ માહ ૧ શને ૧૦૮૦ શેહેનશાહા ઇઅજદજૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીનદી સંવત્ ૧૭૫૭ શાકે ૧૬૩૨ કારતક સૂદી ૯ વાર શુકરે તારીખ ૭ માહે રમજાન શને ૧૧૨૨ હીજરી એ દાહાડો આવી મલેઓ છે. તે દાહાડાનો વરતારો કરી હરગણ માંડેઓછે તેહના કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશિત કરણ હરગણ | બરહમ તુલ હરગણ |
|---|---|---|
| ૩૯૩૮૩૫ | ૫૨૦૯૯ | ૧૯૨૭૨૫ |

રોજ ૧ માહ ૧ શને ૧૨૦૦ શેહેનશાહા ઇઅજદજૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીનદી સંવત્ ૧૮૮૬ તથા સંવત ૧૮૮૭ શાકે ૧૭૫૨ આશો શુદ ૧૫ વાર શનેઉ તારીખ ૧૩ માહે રબીઅલ શાંની શને ૧૨૪૫ હીજરી એ દાહાડો આવી મલેઓછે. તે દાહાડાનો વરતારો કરી હરગણના કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશિત કરણ હરગણ | બરહમ તુલ હરગણ |
|---|---|---|
| ૪૩૭૬૩૫ | ૯૫૮૯૯ | ૨૩૬૫૨૫ |

રોજ ૧ માહ ૧ શને ૧૩૨૦ શેહેનશાહા ઇઅજદજૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીંદી સંવત ૨૦૦૬ તથા સંવત ૨૦૦૭ શાકે ૧૮૭૨ શરાવંણ વદ ૬ વાર રવેઉ તારીખ ૧ લી જીલકાદ શને ૧૩૬૯ હીજરી એ દાહાડો આવી મલેઓછે. તેનો વરતારો કરી હરગણ માંડેઆ છે. તેહેના કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશિત કરણ હરગણ | બરહમ તુલ હરગણ |
|---|---|---|
| ૪૮૧૪૩૫ | ૧૩૯૬૯૯ | ૨૮૦૩૨૫ |

રોજ ૧ માહા ૧ શને ૧૪૪૦ શેહેનશાહા ઇઅજદજૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીનદી સંવત ૨૧૨૬ તથા સંવત ૨૧૨૭ શાકે ૧૯૯૨ આખાડ વદ ૧૨ વાર સોમે તારીખ ૨૫ જમાદીઅલશાની શને ૧૪૯૩ હીજરી એ દાહડો આવી મલેઓછે. તે દાહડાનો વરતારો કરી હરગણનાં કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશત કરણ દીનગણ | બરહમતુલ હરગણ |
|---|---|---|
| ૫૨૫૨૩૫ | ૧૮૩૪૯૯ | ૩૨૪૧૨૫ |

રોજ ૧ માહા ૧ શને ૧૫૬૦ શેહેનશાહા ઇઅજદ જૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીનદી સંવત્ ૨૨૪૬ તથા ૨૨૪૭ શાકે ૨૧૧૨ આખાડ સુદ ૪ વાર ભોમે તારીખ ૨ માહે શફર શને ૧૫૧૭ હીજરી એ દાહાડો આવી મલેઓ છે. તે દાહાડાનો વરતારો કરી હરગંણના કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશત કરણ હરગણ | બરહમતુલ હરગણ |
|---|---|---|
| ૫૬૯૦૩૫ | ૨૨૭૨૯૯ | ૩૬૭૯૨૫ સૈકં. |

રોજ ૧ માહા ૧ શને ૧૬૮૦ શેહેનશાહા ઇઅજદ જૂરદી એ દીને પારસી લોકની પતેતી થાઈ તે દીને હીનદી સંવત્ ૨૩૬૬ શાકે ૨૨૩૨ જેઠ સુદ ૧૦ વાર બૂધે તારીખ ૮ માહે રમજાંણ શને ૧૭૪૦ હીજરી એ દાહડો આવી મલેઓ છે. તે દાહડાનો વરતારો કરી હરગંણના કોઠા ૩ કીધા છે.

| ઇઅજદી દીનગણ | ઇશત કરણ હરગણ | બરહમતુલ હરગણ |
|---|---|---|
| ૬૧૨૮૩૫[1] | ૨૭૧૦૯૯ | ૪૧૧૭૨૫ |

શને ૧૮૦૦ ઇજદજરદીનો કોઠો પછવાડે લખેઓછે.[2]

રોજ ૧ માહા ૧ શને ૧૯૨૦ શેહેનશાહા ઇઅજદજૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીનદી સંવત ૨૬૦૬ શકે ૨૪૭૧ ફાગણ વદ ૭ વાર શુકરે તારીખ ૨૦ માહે જીલકાદ શને ૧૯૯૭ હીજરી એ દાહડો આવી મલેઓછે. તે દાહડાનો વરતારો કરી હરગંણનાં કોઠા કીધાછે.

| ઇજદી દીનગણ | ઈશત કરણ હરગણ | બરહમતુલ હરગણ |
|---|---|---|
| ૭૦૦૪૩૫ | ૩૫૮૬૯૯ | ૪૯૯૩૨૫ |

એ પરમાણે એ વરતારો વરશ ૧૨૦ એકશો વીશનો કાએદો બાંધીને કીધોછે. શેહેનશાહા ઇઅજદજૂરદનાં શનેહે પકડીને તે કદી કોઇ જોતીસીને સંધે ઇઆને શક પડે તો તે ઘણી ભોગરાજનાં ટીપરાં વરતીને તથા જોગરાજના ટીપરા વરતીને દાહડો વાર મેલવી જોએ તો તેહનો શક ભાગે. અગર કદી એ ગણીત કોઈ કરે ને પોતાની ભૂલથી એમ કહેજે એ વરતારો ખોટોછે ઈઆને પોતાની સફાઇથી કેહેજે એ વરતારો મારેથી આવી મલતો નથી તો ખાકશાર હાજર છેઉં, જેહેની મરજી ચાહે તે એ વરતારાની શહમજ પૂછે. ઇઆ કોઈ શખસ સીખવા ચાહે તો દોઆગો હાજર છેઉ. કાંએ જે એ વરતારાને કાજે ખાકશારે ઘણી મેહનત લીધીછે તેવારે એ વરતારો દુરશત શહી કીધોછે. તેથી ખાતર જમેથી જાણુ છેઉ જે ચાંદા અધેઆરૂ નેક નાંમીએ શંસકરત જૂબાંમાં તમામ આફતાબી ચાલ દીનના હોકમ મુજબ જાહેર કીધીછે. શા વાશતે જે તમામ આગલ બુજરગો થાઈ ગીઆ તે લોકો એહેજ રવેશે પાદશાહી શાથે કબીશો કરતા હતા. તે હાલના તથા આવતા લોકોને માલુમ થવાને કાજે એ કેતાબ બનાવીછે. જેમ કે આકાશ અધેઆરૂએ તમામ દીનની હકીકતનાં શલોક ૧૬ શોલ બનાવીને રાજા જાદીરાંનને જાહેર દીન દેખાડી હતી તે પરમાને એ ચાંદા અંધેઆરૂએ કબીશો કરવાની હકીકત દીનદાર લોકોને જાહેર કીધીછે.

## પેગમબર શાહેબ જરથુસજીનાં તાલે નામાની હકીકત લખીછે.


શ્રી દાદારની મદતથી ને તે પાક પેદાના કરનારની કુદરતથી હરદો જેહાંનની રૂશંણ એરાગ પેદા કીધી, ઇઆને પેગમબર શાહેબ અશો જરથુશત પેદા કીધા તેઓનું તાલે નાંમું લખેઉછે. જે તે પાક શેતારા જોએઆથી ને તેહેના ખવાશની હકીકત નેકનામ ચાંદા અંધેઆરૂએ શંશકરત તથા ફારસી જૂબાં મેલવીને શલોક ૫ બનાવીને તારીફ કીધીછે તે વાંચેઆથી દેલ ખુશહાલ થાએ. હવે લખૂ છેઉં જે કેટલાએક જોતીસી લોક કહેછે જે હેવા ગહરે છૂટા કેમ હુએ પણ તેહેનું જાંણવું એ જે હેવા ગહરે નહી હોએ તો હેવો પાક પેગમબરભી નહી હોએ. તે મુકરર જાણવું જે ખુદાની કૂદરત હેવીજછે જે હેવા નેક નરને પેદા કરવાને વાસતે ગહરેને છુટા પાડે ને વરી પોતાની કૂદરતથી ગહરેને મેલાવો કરેછે. હેની અજમતની પાર નથી.

---

૧ અસલ આંકડાને છેકી નાખી પાછલથી કોઇએ નીચલા આંકડા લખ્યાછે. અસલ આંકડા ૬૫૬૬૩૫, ૩૧૪૮૯૯, ૪૫૫૫૨૫ છે [ એ આંકડા ઈઅજદે જરદી ૧૮૦૦ ને લાગુ પડતાછે ]

૨ એ વાકય પણ પાછલથી કોઇને હાથે લખાયલોછે.

## તાલેનાંમુ પેગમબર શાહેબ જરથુશતજીનું ઇઆને જનમ કૂંડલી.




એ દાએરાના ખવાશનાં શલોક છે.

**यदा माताबो भवेत् लग्नखांने । अतारी हमल आफताबो तृतिये । भवेत् चस्मकोरो यदा कंदूर-खांने । पवित्रो पेगमबर भवेत् दिनदारी ॥१॥ मीरीखो स्वगेहे भवेत् वप्तखांने । शनौ खेरखांने यदा उच्चराशौ ब्रहद शाहेबि स्यात् यदा धर्मकार्ये । अमररूप आढ्यो जरी जरजरीणां ॥ २ ॥ भवेत् मुशतरी उच्चगे शत्रुखांने । जनब कोकबे मालखांने यदा स्यात् । प्रथम शत्रुतो नृपते कष्ट भाज्यं केचित् केद-गांमि अव्वल शाहेबिषु ॥ ३ ॥ यदा योगमध्ये नरो जायेते स्यात् । खंजानाहं आढ्यो मुलुकु शाहेबिच । जेहांनस्त खुबि नरो काबिल स्यात् ॥ ४ ॥ स जातो गुरूणां गुरुसत्यमार्गे । दयाधर्मदायि च दाता सखायौ । ज़रीरक्ष वाहन भवेत् शर्फराजो । कुनम हर शेफत शुक्र चांदा सेपासो ॥ ५ ॥**

એદા માહાતાબો ભવેત લગન ખાંને । અતારી હમલ આફતાબો તરતીએ । ભવેત ચશમ કોરો એદા કંડર ખાંને પવીતરો પેગમબર ભવેત દીનદારી ॥ ૧ ॥ મીરીખો સવગેહે ભવેત વપતખાંને । શનૌ ખેરખાંને એદા ઊચરાશૌ । બરહદ શાહેબી શેઆત એદા ધરમ કારીએ । અમરરૂપ આઢયો જરી જર જરીનાં ॥ ૨ ॥ ભવેત મુશતરી ઉચગે શતરૂખાને જનબ કોકએ માલખાંને એદા શેઆત । પરથમ શતરૂતો નરપતે કશટ ભાજે એમ કેચીત કેદ ગામી અવલ શાહેબીશો ॥ ૩ ॥ એદા ઇઓગમધે નરો જાએતે શેઆત । ભવેત દીનદારો થવા શેહેન શાહો । ખજાંનાંહ આઢેઓ મુલક શાહેબીચ । જેહાંનશત ખુબી નરો કાબીલ શેઆત ॥ ૪ ॥ શ જાતો ગુરૂણાં ગુરૂ સતેઅ મારગે । દઇઆ ધરમ વરધીશ દાતા સખાએઊ । જરી રખશ વાહન શર-ફરાજો । કૂનમ હર શેફત શુકર ચાંદા સપાશો ॥ ૫ ॥

### એ શલોક ૫ ની માએની લખી છે.

જે વારે ચંદરમા લગને ઇઆને પેલે ઘેહેર બેઠો હુએ તથા મેખનો રવી તથા મેખનો બૂધ તરીજે ઘહર બેઠો હુએ તથા સુકર કેદરીઆ ઘેહેરમાં બેઠો હુએ હેવા ઘહરેમાં પેદા થાએ તે પાક પેગમબર દીનનો રાખનાર હુએ ॥ ૧ ॥ મંગલ પોતાનાં ઘરનો થાઇને દશમે ઘર બેઠો હુએ તથા શનીશર ઉચનો થાઇને નવમે ઘર બેઠો હોએ તેવારે તે શખશને હદથી જીઆદા શાહેબી હુએ ધરમના કામમાં. અને તે શખશને ફરેશતાના જેવુ નૂર રૂપ રંગ હુએ ને સુના જેહેવું ચરણ હુએ, ઇઆને જલકાટ ભહરેલો હુએ ॥ ૨ ॥ બરહશપતી ઉચનો થાઇને છઠે ઘર બેઠો હુએ તથા કેતુ શેતારો બીજે ઘર હુએ, તે વારે પેહેલી ઊમરમાં દુશમણથી તથા પાદશાહાથી હલાકી ભોગવે । તથા કોઇએક પેહેલી શાહેબીમાં કેદ ભોગવે ॥ ૩ ॥ જે વારે હેવા શરવે ઘહરેના દાએરામાં જે પૂરશ પેદા થાએ તે શખશ દીનનો રાખનાર અથવા દીનનો શેહેનશાહા હોએ । તથા ઘણા ખજાણનો ખાવંદ મુલકનો શાહેબ હુએ ॥ ૪ ॥ તે જે પૂરશ

૧ भवेत् दीनदारोऽथवा शेहेनशाहो એટલા શબ્દો ગુજરાતીમાં છે તે અત્રે ચુકથી નીકલી ગયાછે.

પેદા થાએઓ તે ઊશતાદોનો ઊશતાદ હુએ ને શાચા મારગનો દેખાડનાર હુએ । દએઆ મેહ-રબાનીનો કરનાર ને પરમ શવાબનો વધારનાર દાતાપણુ રાખનાર રૂડા મારગની દોશ તીનો રાખનાર ઈઆને ખુદાનો દોશત જાણવો । તથા સુનેરી રંગના ઘોડાનો શવાર હુએ અને શરદારોનાં શરનો તાજ જાણવો. હેવી હર તહરેની શેફ્ત તારીફ કરૂંચ હૂં ચાંદા શુકર શેપાશ કરૂંચ ॥ ૫ ॥

## ચાંદરાતને દીને ચંદરમા જોઇને રૂડા સુકન જોવાના શલોક લખેઆછે.

**फरवरदिनादि प्रतिमासेषु वस्तुदर्शणा उच्यते ॥ मधुजलानां सुगंधि च तत् समये चंद्र दर्शणे ॥ वर्षा पवित्र पुरुषाणां सुजलवाटिका वनस्तथा कुरुते दर्शण आकाशं प्रत्याशा सुकथिता बुधैः ॥ १ ॥ भक्तिकार्यचंद्रस्वामिनां आदर्शच सुवर्णतां तरुणे नरं सुवर्णरौप्यं अशेम जानते शमृता अहुनवरं च तथा रत्नं सदा स्मृणे सिघ्रतां ॥ न पश्येत् । अंधकाणंच तथा तथ्यो प्रकिर्तिता ॥ २ ॥**

ફરવરદીનાદી પરતી માસેસુ વસતો દરશણ ઊચેઅતે. મધુ જલાના સુઘંધીચ તત સમએ ચંદર દરશણે ॥ વરશો પવીતર પૂરૂષણાં શુજલ વાટીકા વનશ તથા કુરૂતે દરશણ આકાશ ॥ પરતે આશાસુ કથીતા બુધે ॥ ૧ ભકતી કારી એમ ચંદર શવામીનાં આદરશચ શુવરણતાં તરૂણે નરં ॥ શોવરણ રૌપેઅમ અશેમ જાનાતી શમરત ॥ અહુનવરંચ તથા રતનં સદા સમરણે ॥ સીઘરતાં ન પશએત અંધકાણુંચ તથા તથેઓ પરકીરતીતા ॥ ૨ ॥

## માએની લખી છે.

આફતાબી ફરૂઅરદીન માશથી માશ બાર સુધીમાં જે દીને ચાંદરાત થાએ તે દીને ચાંદ રમા જોઇને તુરત સુકનની વશતો જે કોઠામાં લખીછે તે ઉપર નજર કરવી. પછે બીજી વશત જોવી. એ જોએઆથી તે માશમાં ઘણી ખુશાલી લાભ હાશલ થાએ પણ એ શલોકમાં હેવો હોકમ છે જે ચંદર દરશણ થાએ તે વેલા જે આદમી અથવા જાણવર આંધલુ ઇઆ કાંણૂ હોએ તેહેને જોવું નહી ॥

| ચાંદરાતને દીને સુકન જોવાના માશછે. | | |
|---|---|---|
| મેખ–ફરવરદીન | ધૂમાડા વીનાનો આતશ ખૂશબો શાથે | ૧ |
| વરખ–અરદી બેહેશત | ગાએ તથા બલદ | ૨ |
| મેથુન–ખોરદાદ | નેક અશો મરદ | ૩ |
| કરક–તીર માશ | ચાલતું પાંણી તથા શબજો | ૪ |
| શહી–અમેરદાદ | આશમાંણ જોઇને ઊમેદ માંગવી | ૫ |
| કનેઆ–શેહેરેવર | બંદગી મોહોર ઇજદની | ૬ |
| તુલા–મેહેર | સુનેરી આરસીમાં પોતાનુ મોહ જોવું | ૭ |
| વરશચક–આવાં | જોવાંણ મરદ ખુબ સુરત | ૮ |
| ધન–આજર | સુનું તથા રૂપૂ જોવું | ૯ |
| મકર–દએમાશ | અશેમ વોહુ ૩ પઢીએ | ૧૦ |
| કુભ–બેહેમન | ઇઅથા અહૂ વેરીઓ ૩ પઢીએ | ૧૧ |
| મીન–અશફંદાર | જવાહેર જોવૂ. | ૧૨ |

**( આ પછીની કોઠા સાથની આખી બીના કોઈ તરાહેત હાથે જેવા તેવા હરેફે ઊતાવલે લખાયલીછે. )**

રોજ ૧ માહા ૧ શને ૧૮૦૦ શેહેનશાહ ઈઅજદજૂરદી એ દીને પારસી લોકોની પતેતી થાઈ તે દીને હીદવી સંવત ૨૪૮૬ શાકે ૨૩૫૨ વઇશાખ વદ પરવો વાર ગરેઉ

તારીખ ૧૪ માહે જમાદીઓલ અવલ શને ૧૮૬૪ હીજરી એ દાહડો આવી મલીઓ છે. તે દાહડેનું વરતારો કરી હરગંણના કોઠા ૩ કીધાછે.

| ઇઅજદી દીનગણ | ઇશટ કરણ હરગણ | બરહમ તોલ હરગણ |
|---|---|---|
| ૬૫૬૬૩૫ | ૩૧૪૮૯૯ | ૪૫૫૫૨૫ |

મીનો ખેરદ કેતાબ માંહાભી હેની ગવાહીછે તે નીચે જાહેર કીધીછે.[1] ઉ દુરૂસ્ત દાશતન્ રોઝ્ ઉ માહ્ ઉ સાલ્ ઉ હામીન્ ઉ દમીસ્તાન્ ઉ વાહાર્ ઉ પાદેઝ્ ઉ હરવિસ્તીન્ ઉ માર ઉ અંગાર ઇ પરદુમાં સાઇન્ત્ આયાષ્ન્ ઉ વીનસ્તન્ ઉ દાનસ્તન્

**सुदरज्ञानाय दिनस्य मासस्य वर्षस्य उष्णकालस्य शीतकालस्य वसंतस्य शरदः अपरेषां च सर्वेषां संख्या लेख्यकानां यानि मनुष्याः शक्नुवंति प्राप्तुं ईष्टुं ज्ञातुं च ॥**


જાણવું રોજ માહ અને વરશનું શીઆલો હુનાલો ચોમાસુ તમામ સાઅત અને વકતનું ને હેશાબનું વરશ પાદશાહેના તા રોજગાર રવાંનોના લખવાને કાજે તા. ફરજંદોનાં તાલે નામાં એ તમામ જાણવાને વાશતે આપેઉંછે.

[1]વહેઝઇ ખુરશેત ઉ માહરા અવીતર પેદાઈ.


**नवरोजश्च सूर्यात् चंद्राच्च अधिकतरं प्रकटः**

અને નોરોજ ચંદરમા અને સૂરજ થકી અધીક જાણીને ઇઆને હેશાબ નોરોજનો ખોરશેદની ચાલથી થાએછે. તા. માહાતાબની ચાલથીભી થાએછે.

### તાલેનામું શાહ સેકંદરનું–છુટા ગ્રહ.




### હીન્દુ લોકોના કરશનજી થાઇ ગીઆચ તેહેનું જન્મ ગ્રહેભી આએ તરે છુટાછે.




એ તાલે નામાં એટલા વાશતે લખવાં પડેઆં કે પેગાંમબર શાહેબ જરતોશતનાં તાલેનામાં માંહાં ગ્રહે છુટાછે અને તેહેને વાશતે કોઈ એહમક લોકો કેહેશે કે ગ્રહે છુટા નહી હોએ તેટલા માટે ગવાહીને કીજે લખવા પડેઆછે શહી.

૧. [ અસલ પાઝંદ હરફે લખેલું છે તે ગુજરાતી હરફમાં ઉતાર્યું છે. ]

A portion of YASNA 65 ( Ardvisur Nyâyesh ).

१ आराधये जलं अरदूईसूरनाम निर्म्मलं नैसर्ग्रिकं ततश्च निर्म्मलं स्थानं यत तत् निर्म्मलं स्थानं तारापदे विधति ॥

२ वृद्धिदायात् संपूर्णस्थाने अंतर्भुवने आरोग्यकरतमा यत तेषां ये विभन्नदेवा येषां देवा नास्ति होर्म्मिज्दन्यायवर्ति येषां न्यायवर्त्ती येषां न्याय आचारि दादार स्यात् ॥

३ आराधनीयं उत्कृष्टभुवनं स्थितिमतां यत् तत्र दधात् नमस्कृतिमंतः उत्कृष्टभुवनं स्थितिमतां ॥

४ एवं वृद्धिदानं मुक्तात्मनां मनुष्याणां लक्ष्मि किं येन प्रचुरावृद्धिदानं मुक्तात्मनां मनुष्याणां ॥

५ प्रथिव्यां वृद्धिदानं मुक्तात्मनां लक्ष्मी वृद्धि ददाति मुक्तात्मनां लक्ष्मी निर्म्मेला ॥

६ ग्रामवृद्धिदानं मुक्तात्मनां एकं स्यात् गुरौ दक्षणा ॥

७ यत सर्वे सत्योक्तानां यत् निर्म्मलं सुंदरं समं रुधिरणे मलिनेन आगच्छेत् मार्गेण अस्या नद्याः ॥

८ सर्वेसां स्त्रीणां यत भवेत् गर्भो पवित्रतरो याचते यत तत् वारेद्वयं गर्भो भवेत यत मार्ग्रो ॥

९ सर्वासां स्त्रीणां सुप्रसवा भवत् यत् तत् सुव्यापारे सुंदर आगच्छेत् मार्ग्रो यत अर्दुईसूरस्य ॥

१० सर्वासां स्त्रीणां आचार किंचित् युज्यते स व्यापारात् यत सुंदर क्षीरं भवेत् ॥

११ महत्तरा अर्दुईसूर दूरे प्रकृष्टे विख्यातां यासानां दूरे मार्ग्रो कर्त्ता विधत्ते ॥

१२ यत अस्ति तत् महत्तरा किंचित् सर्वांसां यासां पानीयं प्रथिव्यां प्रकृष्टं परचरति संति अर्दु-ईसूरनद्यः ॥

१३ यत तत बलिष्टतरा प्रकृष्टं प्रचरति ॥

१४ उत्कृष्टकाया उच्चैसूरा उपरि अस्य जरहि परहांकर्दं समुद्रस्य ॥

१५ नैयोजनयंति स असा अविध अ प्रभृति जरह पराकर्दं कदर्थं का एताः सर्वा मध्येनो योजयंति ॥

१६ एत उपरि प्रकृष्टं प्रचरति विभन्नगुरवः एता प्रकृष्ट प्रचरति एका यत् गुरु अर्दुईसूर निर्म्मला ॥

१७ यतः अंतः सहस्र गोफायां सहस्रअवाहेय स्वां जलं उत्कृष्टभुवनं अवाहेअस्वां अंतः अवाज-विधत्ते अंतः अर्दुईसूर अस्ति यतः अंतः क्षीरसमुद्रे विदंति ॥

१८ कदाचित् अस्यां गोफायां कदाचित् सुव्यकृता चत्वारिस्त दिनानि उदीरितं यतशोभन अश्वनरः भवति अंतः यत् पक्ष अस्ति यत सर्वपक्षे वदंति ॥

१९ मे एकं यतजलं सुव्यक्ततरं प्राप्नोतु निर्म्मलत्य उपरि सवासां सप्तद्वीपावत्यां ॥

२० मे येकं सुव्यक्ततरं जलं नैसर्ग्रकं उरु उष्णकालीयं शीतकालीयं ॥

२१ मे जलं पवित्रांकरणं ध्वायात यत सत्योक्तानां वीजं अन्यत् स्त्रीणां गर्भं यत तत स्त्रीणां क्षीरं दधाति ॥